જાન્યુઆરી ૨૦૨૫

# દાદાવાણી

છૂટક પ્રતના ₹ ૨૦




પોતે વિષયમાં નીડરતા રાખે તો રહે ! એ અહંકારમાં આવે કે
'હું વિષયમાં જીતી ગયો, હવે વાંધો નથી આવે એવો !'
એનું નામ નીડરતા. જો એ નીડર રહ્યો તો એ વિષ થઈ ગયું.
આ વિષયમાં નીડર તો ઠેઠ સુધી નથી થવાનું.



## અડાલજ : સત્સંગ - જ્ઞાનવિધિ : તા. ૨૩-૨૪ નવેમ્બર ૨૦૨૪




## પાલનપુર : સત્સંગ - જ્ઞાનવિધિ : તા. ૨૭-૨૮ નવેમ્બર ૨૦૨૪






## અંબાજી : DMHT શિબિર : તા. ૨૯ નવેમ્બર થી ૧ ડિસેમ્બર ૨૦૨૪




કવ્વાલી




નાટક



સત્સંગ




ઈન્ફોર્મલ



અંબા માતાજીના દર્શન





અંબાજી મંદિરે પ્રાર્થના વિધિ



આરતી

વર્ષ : ૩૦, અંક : ૫
સળંગ અંક : ૩૫૩
**જાન્યુઆરી ૨૦૨૫**
પાનાં : ૨૮

**Editor : Dimple Mehta**
© 2025
Dada Bhagwan Foundation.
All Rights Reserved.
**Printed by & Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

**Owned by & Published at**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

**Printed at**
**Amba Multiprint**
Opp. H B Kapadiya New High School, At- Chhatral, Tal: Kalol, Dist. Gandhinagar–382729.

**સંપર્ક સૂત્ર :**
**અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન :** 9328661166-77
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
**દાદાવાણી અંગે ફરિયાદ માટે**
ફોન / વોટ્સએપ : 8155007500

**લવાજમ (ગુજરાતી)**
**૫ વર્ષ**
**ભારત :** ૧૦૦૦ રૂપિયા
**વાર્ષિક સભ્ય**
**ભારત :** ૨૦૦ રૂપિયા
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## વિષય નહીં, પણ નીડરતા એ વિષ

### સંપાદકીય

આ દુષમકાળના મહા મોહનીય જગતમાં જ્યાં વાતાવરણ જ વિકરાળ વિષયાગ્નિનું ફેલાઈ રહ્યું છે, એવા સંજોગોમાં પરમ પૂજ્ય દાદા ભગવાન (દાદાશ્રી)એ અક્રમ વિજ્ઞાન સાથે 'બ્રહ્મચર્ય' સંબંધમાં અદ્ભુત વિજ્ઞાન જગતને આપ્યું છે. એ જેમ છે તેમ જ્ઞાનીની દૃષ્ટિએ સમજીએ તો પાર ઉતરીએ પણ જો યથાર્થપણે ના સમજી શકે તો તેનો દુરુપયોગ થઈ જાય, જેમ કે 'વિષય તો સ્થૂળ છે ને આત્મા સૂક્ષ્મતમ છે, એ સ્થૂળને કઈ રીતે ભોગવી શકે ? મોક્ષે જતાં વિષય કંઈ નડતો નથી.' 'જ્ઞાની પુરુષ'ના આ વૈજ્ઞાનિક વાક્યોને પોતાના સૂક્ષ્મતમ સ્વરૂપમાં જ નિરંતર અનુભવપૂર્વક રહેવાની દશાએ પહોંચ્યા સિવાય વાપરે તો સોનાની કટાર પોતાના પેટમાં જ ઘોંચવા જેવી દશા થાય !

વિષયના દોષો ઊભા થાય ત્યારે ઘણીવાર સૂક્ષ્મમાં જ્ઞાનનો દુરુપયોગ થઈ જાય, જેમ કે કર્મના ઉદય ભારે છે માટે લપસી પડાય છે ! વિષયમાં લપસ્યા એ જોખમ છે પણ વ્યવસ્થિત સામે આપણી સત્તા કેટલી ? અક્રમમાં વિષય ડિસ્ચાર્જ સ્વરૂપ છે, એમ કરી પોલું હંકાય છે ! દાનત ચોર તો નથી ને ? જ્ઞાનના દુરુપયોગે જેવો અભિપ્રાય વર્તાય છે તેવું આવતા ભવનું બીજ પડે છે, જે ભવોભવ ભ્રમણનું કારણ બની જાય છે.

વિષયબીજ નિર્મૂલનના યથાર્થ માર્ગે પ્રયાણ થાય તે માટે સ્થૂળમાં બ્રહ્મચર્યમાં સહાય કરે એવી મનની કેળવણી, ઉત્તેજના ના થાય એવો ખોરાક, બ્રહ્મચારીઓનું સંગબળ, સૂક્ષ્મમાં વિષયના જોખમોની વિચારણા આવશ્યક છે. વિષયના વિચાર થતા તત્ક્ષણે જ પ્રતિક્રમણ-સામાયિકમાં દોષને સમજણ સાથે જડમૂળથી ઉખેડવાની પ્રક્રિયાઓ ચાલતી રહેવી જોઈએ.

'વિષયો વિષ નથી, વિષયોમાં નીડરતા એ વિષ છે. માટે વિષયોથી ડરો.' આપણો માર્ગ સાહજિક છે, બીજું બધું ચલાવી લેવાય પણ વિષય માટે સાહજિક નથી. અક્રમ વિજ્ઞાન બધી રીતે નિર્ભય કરનારું છે પણ વિષયમાં નીડર નથી થવાનું. દાદાશ્રી વિષયોમાં નીડર રહેવા થર્મોમિટર આપતા કહે છે કે જો સાપ સમક્ષ તું નીડર રહી શકે તો વિષયોમાં નીડર રહેજે અને ત્યાં જો ડરીને પગ ઊંચા કરી લેતો હોય તો વિષયોથી પણ ડરતો રહેજે.

દાદાશ્રી કહે છે કે આ જ્ઞાન એવું છે કે એકાવતારી કરે, પણ એમાં ચોક્કસ રહેવું જોઈએ. મનમાં સહેજ પણ દગો ના જોઈએ. વિષયમાં સંયોગ થાય તો એમની કડવી નજર ફરી વળે. અહીંયા અપવિત્રતા નહીં ચાલે, અહીં પવિત્ર પુરુષોનું જ કામ છે. પુણ્ય હોય ત્યારે બ્રહ્મચર્ય વ્રત રહે, સાથે જ્ઞાની તરફથી પૂરું બળ અને શક્તિઓ મળે, પણ પુણ્ય ફરે ત્યારે પુરુષાર્થની જરૂર છે. માટે યથાર્થ બ્રહ્મચર્ય પાલન અર્થે પોતાની દૃઢ પ્રતિજ્ઞા, ઘડભાંજ-લાલચ વગરનો નિશ્ચય અને ચોખ્ખી દાનત સાથે પવિત્ર બ્રહ્મચર્યપૂર્વકનું જીવન જીવવાનો પુરુષાર્થ મંડાય એવી અભ્યર્થના.

**જય સચ્ચિદાનંદ.**

# વિષય નહીં, પણ નીડરતા એ વિષ

## (સૂત્ર - ૧)

**બ્રહ્મચર્ય માટે અમારા તરફથી તમારા માટે પૂરું બળ છે, તમારી પ્રતિજ્ઞા મજબૂત, સુંદર જોઈએ. તમારી પ્રતિજ્ઞા ઘડભાંજ વગરની, લાલચ વગરની, દુશ્મનાવટ વગરની હોવી જોઈએ.**

બ્રહ્મચર્યના વિચાર જેને આવે, એ પ્રભાવશાળી કહેવાય ! દેવ જ કહેવાય ! અને અબ્રહ્મચર્યના વિચારો આવે એટલે સાધારણ માનવ જ ગણાય ને ! પશુથી સાધારણ માનવ સુધીના બધાને અબ્રહ્મચર્યના વિચાર આવે. અબ્રહ્મચર્યના વિચાર એ ખુલ્લી પાશવતા છે. જેને સમજદારી નથી, તે અબ્રહ્મચર્યમાં પડે છે.

**પ્રશ્નકર્તા :** આપણે વિષયમાં લપસ્યા તેમાં જોખમ તો ખરું, પણ તેમાં આપણી સત્તા કેટલી ? આપણે ન કરવું હોય, તો એમાં આપણી સત્તા કેટલી ?

**દાદાશ્રી :** બધીય સત્તા છે. 'એક્સિડન્ટ' તો કો'ક દહાડો હોય, રોજ ના થાય. એટલે રોજ કરો છો એ પોતાના 'વિલ પાવર'થી થાય છે. બાકી 'એક્સિડન્ટ' તો છ મહિને-બાર મહિને એકાદ દહાડો હોય અને તેને 'વ્યવસ્થિત' કહેવાય. રોજ 'એક્સિડન્ટ' થાય તેને 'વ્યવસ્થિત' કહો તો, તે 'વ્યવસ્થિત'નો દુરુપયોગ થયો કહેવાય.

**પ્રશ્નકર્તા :** એ કેવી રીતે 'વ્યવસ્થિત'નો દુરુપયોગ થયો કહેવાય ?

**દાદાશ્રી :** એનો દુરુપયોગ થઈ જ જાય છે, અવળી માન્યતા માનો એટલે. તેય તમને છૂટ આપવામાં આવે છે, કે વિચાર આવે ને તમારી દૃષ્ટિ મલિન થાય, તેનો વાંધો નથી; એને ધોઈ નાખજો. અને આ અમારી પાંચ આજ્ઞા પળાતી હોવી જોઈએ. આ તો પાંચ આજ્ઞા પળાતી નથી એટલે મારે બીજી બાજુનો સ્ક્રૂ કડક કરવો પડે છે.

**પ્રશ્નકર્તા :** ના, ત્યાંય આજ્ઞા તો પળાય છે, છૂટું રહેવાય છે.

**દાદાશ્રી :** એ આજ્ઞા ના કહેવાય. એ તો એક જાતની લાલચ પેસી ગઈ એટલે લાલચુ થઈ જાય પછી.

આ છોકરાએ એના દોષનું પ્રતિક્રમણ કર્યું હતું, પછી મેં એને આજ્ઞા આપી, ત્યાર પછી એને એકુંય દોષ થતો નથી. કારણ કે એણે નક્કી કર્યું છે કે મારે હવે એ બાજુ દૃષ્ટિ જ કરવી નથી, મારે બગડવું જ નથી, મારે વિષયના વિચારો જ નથી કરવા અને મેં એને આજ્ઞા આપી. હવે એને કશું બગડતું નથી. એય... નિરંતર સમાધિમાં રહે છે ! આપણી દાનત ખરાબ હોય ત્યારે બધું બગડે. એક બાબતમાં 'સ્ટ્રોંગ' રહેવું જ પડે ને ?

વિષયનો સ્વભાવ શું છે ? જેટલો સ્ટ્રોંગ એટલા વિષય ઓછા. એમાં જેટલો નબળો એટલા વિષય વધ્યા. જે સાવ નબળો હોય, તેને બહુ વિષય હોય. એટલે નબળાને ફરી ઊંચો જ ના આવવા દે એટલા બધા વિષય વળગ્યા હોય અને જબરાને અડે જ નહીં.

**પ્રશ્નકર્તા :** એ નબળાઈ શેના આધારે ટકી રહી છે ?

**દાદાશ્રી :** પોતાની મહીં એમાં પ્રતિજ્ઞા ના હોય, પોતાની કોઈ દહાડોય સ્થિરતા ના હોય એટલે એ લપસતો જાય. લપસતો લપસતો ખલાસ થઈ જાય. એટલે નિશ્ચય મજબૂત રાખવાનો, જબરજસ્ત મજબૂત નિશ્ચય જોઈએ. નિશ્ચય હોય ને, તો કશુંય થાય નહીં.

**પ્રશ્નકર્તા :** એટલે પોતાનો નિશ્ચય પાકો છે. હવે પછી જે બને છે, એ તો આખો ઉદયનો ભાગ આવ્યો ને ?

**દાદાશ્રી :** ઉદયનો ભાગ કયો કહેવાય કે સંડાસ જવું નથી એમ કહે તે. અહીં ઘરમાં તો સંડાસ થાય નહીં ને ! એટલે સંડાસને ઠેઠ સુધી પકડી રાખે અને પછી જાય, એ ઉદય ભાગ કહેવાય. ગમે ત્યાં સંડાસ કરવા બેસે, એ ઉદય ભાગ કહેવાય નહીં. એ વિષયમાં શું થાય છે કે એ રસ ગમે છે, એ પહેલાની ટેવ છે. ચાખવાની આદત છે, એટલે એ પછી ઉદય ભાગમાં હાથ ઘાલવા જાય છે. ઉદય ભાગ તો, બિલકુલ પોતે ના પાડે ને ઠેઠ સુધી સ્ટ્રોંગ, પોતે લપસવું નથી, એમ કહે છે. પછી લપસી પડે, એ વાત જુદી છે. લપસી પડનારો માણસ કેટલી સાવચેતી રાખે ? સાવધાનીપૂર્વક રહેવું, તો વાંધો નહીં.

કૂવામાં નથી જ પડવું એવો નિશ્ચય છે, તેને ચાર દહાડાથી ઊંઘ્યો ના હોય અને કૂવાની ધાર ઉપર બેસાડે તોય ના ઊંઘે ત્યાં.

**પ્રશ્નકર્તા :** ત્યાં તો પ્રત્યક્ષ દેખાય ને કે પડી જઈશ અહીં.

**દાદાશ્રી :** હા, તે આમ પ્રત્યક્ષ દેખાય એના કરતાંય ભૂંડું છે આ તો. આ તો કેટલી મોટી ખાઈ છે ! અનંત અવતારની જંજાળ વળગે છે ! એટલે મન મજબૂત થયું હોય તો થાય, નહીં તો આમ દહાડો વળે નહીં. આ કાચા મનથી આમ, આ દોરા સીવવાના ન્હોય. કેવું સ્ટ્રોંગ કે મરી જઉં પણ છૂટે નહીં.

## (સૂત્ર - ૨)

**બ્રહ્મચર્યમાં અપવાદ રખાય એવી વસ્તુ નથી. કારણ કે માણસનું મન પોલ ખોળે છે. કોઈ જગ્યાએ આવડું અમથું કાણું હોય તો તેને મન મોટું કરી આપે ! મનનો સ્વભાવ જ એવો પોલ ખોળવાનો છે.**

**પ્રશ્નકર્તા :** પણ આ બ્રહ્મચર્ય એ કંઈ ખાવાના ખેલ નથી.

**દાદાશ્રી :** બ્રહ્મચર્ય એ કંઈ ખાવાના ખેલ નથી, તો અબ્રહ્મચર્ય એ પણ ખાવાના ખેલ નથી. અબ્રહ્મચર્યની જે પીડા છે ને, એના કરતાં બ્રહ્મચર્યમાં બહુ ઓછી પીડા છે. બ્રહ્મચર્યમાં એક જ પ્રકારની પીડા કે પેલા વિષય બાજુ ધ્યાન જ નહીં આપવાનું.

**પ્રશ્નકર્તા :** કોઈને બ્રહ્મચર્ય માટે નિશ્ચય ડગુમગુ થાય, એ એની પૂર્વની ભાવના એવી હશે, એટલે ?

**દાદાશ્રી :** ના, એવું નહીં, આ નિશ્ચય છે જ નહીં એનો. આ પહેલાનો પ્રોજેક્ટ નથી અને આ જે નિશ્ચય કર્યો છે, એ લોકોનું જોઈને કર્યો છે. આ ખાલી દેખાદેખી છે એટલે ડગમગ થયા કરે છે.

**પ્રશ્નકર્તા :** બ્રહ્મચર્યનું વ્રત લીધા પછી કોઈનું ડગુમગુ થતું હોય તો ?

**દાદાશ્રી :** ડગમગવાળાથી વ્રત લેવાય પણ નહીં અને વ્રત લે તો એમાં ભલીવાર આવેય નહીં. ડગુમગુ થાય છે, તે આપણે ના સમજીએ કે 'કમિંગ ઈવેન્ટસ્ કાસ્ટ ધેર શૅડોઝ બિફૉર ?'

બ્રહ્મચર્યમાં અપવાદ રખાય એવી વસ્તુ નથી. કારણ કે માણસનું મન પોલ ખોળે છે. કોઈ જગ્યાએ આવડું અમથું કાણું હોય તો તેને મન મોટું કરી આપે !

**પ્રશ્નકર્તા :** આ પોલ ખોળી કાઢે, એમાં કઈ વૃત્તિ કામ કરે છે ?

**દાદાશ્રી :** એ મન જ કામ કરે છે, વૃત્તિ નહીં. મનનો સ્વભાવ જ એવો પોલ ખોળવાનો છે.

**પ્રશ્નકર્તા :** મન પોલ મારતું હોય તો, એને કઈ રીતે અટકાવવું ?

**દાદાશ્રી :** નિશ્ચયથી. નિશ્ચય હોય તો પોલ મારે શી રીતે તે ? આપણો નિશ્ચય છે, તો કોઈ પોલ મારે જ નહીં ને ! જેને 'માંસાહાર નથી ખાવું' એવો નિશ્ચય છે, એ નથી જ ખાતો.

**પ્રશ્નકર્તા :** એટલે દરેક બાબતમાં નિશ્ચય કરી રાખવા ?

**દાદાશ્રી :** નિશ્ચયથી જ બધું કામ થાય છે.

**પ્રશ્નકર્તા :** આત્મા પ્રાપ્ત કર્યા પછી નિશ્ચયબળ રાખવું પડે ?

**દાદાશ્રી :** પોતાને રાખવાનું જ નથી ને ! આપણે તો 'ચંદુભાઈ'ને કહેવાનું કે તમે બરાબર નિશ્ચય રાખો. જ્ઞાને કરીને કરેલા નિશ્ચયમાં તો બહુ સુંદર હોય. એ તો બહુ જુદી વસ્તુ છે. મન જોડે કેમ વર્તવું, એ તો બધી સમજણ હોય જ. એને પૂછવા ના જવું પડે કે મારે શું કરવું ? જ્ઞાને કરીને નિશ્ચય, તે તો વાત જુદી જ ને !

**પ્રશ્નકર્તા :** નિશ્ચય કેવો કરવો જોઈએ ?

**દાદાશ્રી :** આપણે નિશ્ચય જે કર્યો હોય, તે ગામ જવાય. આત્મા અનંત શક્તિ સ્વરૂપ છે, તે શક્તિ પ્રગટ થઈ જાય. આત્મા એ નિશ્ચય સ્વરૂપ છે અને તમારો નિશ્ચય માગે છે. ડગમગ ડગમગ ના ચાલે ! એક જ સ્ટ્રોંગ અભિપ્રાય આખી જિંદગી ત્યાગ કરાવડાવે ! અભિપ્રાય સહેજ કાચો હોય તો શું થાય ? એમાં કર્મના ઉદય આવે પછી માણસનું ચાલે નહીં, પછી સ્લિપ થઈ જાય. અરે, પૈણી હઉ જાય ! એ અભિપ્રાય પાકા નહીં.

**(સૂત્ર - ૩)**

**વિષય સંબંધીનો અભિપ્રાય એ જ વિષયો સંબંધી પ્રવર્તતા અજ્ઞાનનો મુખ્ય એવિડન્સ છે.**

**પ્રશ્નકર્તા :** પણ માનસશાસ્ત્રીઓ કહે છે કે વિષય બંધ થાય જ નહીં, છેક સુધી રહે. એટલે પછી વીર્યનું ઊર્ધ્વગમન થાય જ નહીં ને ?

**દાદાશ્રી :** હું શું કહું છું કે વિષયનો અભિપ્રાય બદલાય કે પછી વિષય રહેતો જ નથી ! જ્યાં સુધી અભિપ્રાય બદલાય નહીં ત્યાં સુધી વીર્યનું ઊર્ધ્વગમન થાય જ નહીં. આપણે અહીં તો (અભિપ્રાય) સીધો આત્મામાં જ ઘાલી દેવાનો છે, એનું નામ જ ઊર્ધ્વગમન છે ! વિષય બંધ કરવાથી એને આત્માનું સુખ વર્તાય અને વિષય બંધ થયો એટલે વીર્યનું ઊર્ધ્વગમન થાય જ. અમારી આજ્ઞા જ એવી છે કે વિષય બંધ થઈ જાય છે.

**પ્રશ્નકર્તા :** આજ્ઞામાં શું હોય છે, સ્થૂળ બંધ કરવાનું ?

**દાદાશ્રી :** સ્થૂળને અમે કંઈ કહેતા જ નથી. મન-બુદ્ધિ-ચિત્ત ને અહંકાર બ્રહ્મચર્યમાં રહે એવું હોવું જોઈએ. અને મન-બુદ્ધિ-ચિત્ત ને અહંકાર, બ્રહ્મચર્ય માટે ફરી ગયા એટલે સ્થૂળ તો એની મેળે આવે જ. તારા મન-બુદ્ધિ-ચિત્ત ને અહંકારને ફેરવ. અમારી આજ્ઞા એવી છે કે આ ચારેય ફરી જ જાય છે !

**પ્રશ્નકર્તા :** વિષયના ગાઢ અભિપ્રાય કાઢવા કેવી રીતે ?

**દાદાશ્રી :** જ્યારથી નક્કી કર્યું કે કાઢવા છે ત્યારથી એ નીકળવા માંડે. આ વિષય તો ખરાબમાં ખરાબ વસ્તુ છે, એવો અભિપ્રાય નિરંતર રહે તો તમારો આજનો ગુનો થોડો ઘણો ચૌદ આની જેટલો માફ થાય. પણ જેને એવો અભિપ્રાય વર્તે છે કે આ વિષયમાં કશો વાંધો નથી, એ બિચારો માર્યો જ ગયો ! શાથી માર્યો જાય કે એને હજી અભિપ્રાય છે કે આમાં કશો વાંધો નથી. એ અભિપ્રાય રહે એ ભયંકર ગુનો છે. વિષયનો અભિપ્રાય બહુ માર ખવડાવે છે. હજુ એમાં અભિપ્રાય વર્તે છે અને એ

અભિપ્રાયથી 'જેમ છે તેમ' આરપાર જોઈ શકાતું નથી, મુક્ત આનંદ અનુભવાતો નથી. કારણ એ અભિપ્રાયનું આવરણ નડે છે.

હજી તેને મહીં આમાં સુખ છે એવો અભિપ્રાય રહ્યા કરે છે. આ તો પોતે જ વકીલ, પોતે જ જજ ને પોતે જ આરોપી. તે પછી જજમેન્ટ પોતાના તરફ ખેંચી જાય. અમે અભિપ્રાય-બ્રહ્મચર્યને બ્રહ્મચર્ય કહીએ છીએ.

આ બ્રહ્મચારી છોકરાઓ મને કહી જાય છે કે હજુ તો અમને આવા મહીં ખરાબ વિચાર આવે છે ને આ બધું આવે છે. ત્યારે મેં કહ્યું કે આનું પ્રતિક્રમણ કરજો, પણ આનો બહુ અજંપો ના કરશો. ભગવાન શું કહે છે કે તને શું ગમે છે ? ત્યારે કહે, બ્રહ્મચર્ય. એટલે હવે તમે બ્રહ્મચર્ય વિભાગમાં બેઠા છો. પણ ફરી બ્રહ્મચર્યનો અભિપ્રાય ના બદલાવો જોઈએ. એટલે બ્રહ્મચર્યની વિરુદ્ધ થવાનો વિચાર આવે ત્યાં સુધી ના પહોંચશો. એટલા માટે એ વિચારો ઉપર કંટ્રોલ રાખો. એટલે મુખ્ય તો અભિપ્રાય તમારો ના બદલાવો જોઈએ. હું શું કહેવા માગું છું, એ તમને સમજ પડી ને ? અભિપ્રાય તો બ્રહ્મચર્યનો જ રાખવો જોઈએ. જેવો અભિપ્રાય વર્તાય છે તેવું આવતા ભવનું બીજ પડે છે, ત્યાં જ ચાર્જ થાય છે.

**(સૂત્ર - ૪)**

**બીજ કોને કહેવાય ? અન્ય સંયોગો ભેગા થાય ત્યારે બીજ પડે તો એ ઊગે. જ્યાં સુધી બીજ રૂપે છે ત્યાં સુધી ઉપાય છે, પછી કશું ના વળે. એટલે વિષયને માટે આપણે અહીં બહુ કડક તેથી રહીએ છીએ ને ! બીજું બધું ચલાવી લેવાય, પણ વિષય ચલાવાય નહીં.**

''વિષયરૂપ અંકુરથી, ટળે જ્ઞાન અને ધ્યાન,
લેશ મદિરાપાનથી, છાકે જ્યમ અજ્ઞાન.''

\- શ્રીમદ્ રાજચંદ્ર

**પ્રશ્નકર્તા :** 'વિષયરૂપ અંકુરથી...' એટલે ?

**દાદાશ્રી :** અંકુર એટલે મહીં બીજ હોય ને એ વિચાર આવ્યો ને તેની મહીં તન્મયાકાર થાય એ અંકુર કહેવાય. એ અંકુર ઊભું થયું કે ગયો... તેથી આપણે નક્કી કરીએ છીએ ને કે વિચાર આવતા પહેલા ખેંચીને બહાર નાખી દેજો. એ અંકુર ફૂટ્યું કે પછી જ્ઞાન ને ધ્યાન બધું તૂટી જાય, ખલાસ થઈ જાય.

આ વિષય-વિકાર એવો છે કે એક સેકન્ડેય જરાય રહેવા ના દેવાય, નહીં તો ઝાડ થતા વાર ના લાગે. આ છોડવો ઊગતો હોય તો, ત્યાંથી જ સમજી જવું કે આ છોડવો કૂંચનો છે. એટલે એને ઊગતાની સાથે જ ઉખેડીને ફેંકી દેવું. નહીં તો ચોંટશે, તો એ કૂંચથી આખા શરીરે લ્હાય બળશે. અનાદિકાળનો અભ્યાસ એટલે મન પાછું આનું આ જ ચિંતવન કરે. ત્યારે પાછો વિષયનો છોડવો ઊગે. આ મગને પાણી નાખે તો ઊગે, તે નીચે મૂળિયું નાખે. એટલે ત્યાંથી આપણે જાણીએ કે આ તો છોડવો થશે. એટલે આવું આમાં વિચાર આવ્યો એટલે ત્યાંથી જ એને ઉખેડીને ફેંકી દેવો. આ વિષય એકલો જ એવો છે કે આવડો સહેજ છોડવો મોટો થયા પછી જતો નથી. એટલે એને મૂળમાંથી જ ઉખેડીને ખેંચી કાઢવું.

બીજ કોને કહેવાય ? અન્ય સંયોગો ભેગા થાય ત્યારે બીજ પડે તો એ ઊગે, તો ઊગતાની સાથે એને ઉખેડી નાખવું. આ બીજનો સ્વભાવ કેવો છે કે પડ્યા જ કરે. આંખો તો જાત જાતનું જુએ એટલે મહીં બીજ પડે, તો એને પછી ઉખેડી નાખવાનું. બાકી આમાં તો લપટું પડી જાય. સહેજ ઢીલું મૂક્યું ને ત્યાં લપટું પડી જાય. એટલે ઢીલું મૂકવાનું નહીં, કડક રહેવાનું. મરી જઉં તોય પણ આ નહીં જોઈએ, એવું કડક રહેવું જોઈએ.

જ્યાં સુધી બીજ રૂપે છે ત્યાં સુધી ઉપાય

છે, પછી કશું ના વળે. બીજમાંથી બીજ પડે, બીજમાંથી બીજ પડે, બીજમાંથી બીજ પડે અને એ શેકવાનું જાણે નહીં ને ! શેનાથી શેકાય એવું જાણે નહીં ને !

**પ્રશ્નકર્તા :** જ્યાં સુધી શેકવાનું જાણે નહીં, ત્યાં સુધી ચાલ્યા જ કરવાનું ?

**દાદાશ્રી :** હા, બસ, બીજ પડ્યા જ કરે.

**પ્રશ્નકર્તા :** તો બીજને શેકી નાખતા આવડવું જોઈએ, પણ તે કેવી રીતે શેકવાનું ?

**દાદાશ્રી :** એ તો આપણા આ પ્રતિક્રમણથી, આલોચના-પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાનથી. નિરંતર પ્રતિક્રમણ કર કર કરવા પડે. આપણને સમજણ પડે કે આ બીજ મહીં પડેલું છે એટલે આ તો બહુ જોખમ છે. આ વિષય તો બહુ જોખમવાળી વસ્તુ છે. જ્યાં જ્યાં સામી વ્યક્તિ જાય ત્યાં આપણે જવું પડે. અને સામી વ્યક્તિ પાછો પોતાનો છોકરો થઈને ઊભી રહે. એટલે આવું બધું જોખમ ઊભું થાય. મનમાં વિષયનો વિચાર આવ્યો કે તરત તેને ઉખેડી નાખવો જોઈએ અને કંઈક આકર્ષણ થયું કે એનું તરત જ પ્રતિક્રમણ કરવું જોઈએ. આ બે શબ્દ પકડે તેને બ્રહ્મચર્ય કાયમ રહે.

**પ્રશ્નકર્તા :** આપના જ્ઞાન પછી અમે આ અવતારમાં જ વિષય બીજથી એકદમ નિર્ગ્રંથ થઈ શકીએ ?

**દાદાશ્રી :** બધું જ થઈ શકે. આવતા ભવ માટે બીજ ના પડે. આ જૂના બીજ હોય એ તમે ધોઈ નાખો, નવા બીજ પડે નહીં.

**પ્રશ્નકર્તા :** એવું પણ આપે કહેલું કે ચારિત્રમોહ કેટલાક એવા પ્રકારના હોય છે કે જ્ઞાનને પણ ઉડાડી મેલે, તો તે કયા પ્રકારનો ચારિત્રમોહ ?

**દાદાશ્રી :** એ વિષયમાંથી ઊભો થયેલો ચારિત્રમોહ. એ પછી જ્ઞાનને ને બધાને ઉડાડી મેલે. એટલે અત્યાર સુધી વિષયથી જ આ બધું અટક્યું છે. મૂળ વિષય છે અને તેમાંથી આ લક્ષ્મી ઉપર રાગ બેઠો, અને તેનો અહંકાર છે. એટલે મૂળ વિષય જો જતો રહે, તો બધું જતું રહે.

## (સૂત્ર - ૫)

**આપણો માર્ગ બધી રીતે સાહજિક છે, પણ આને (વિષયને) માટે સાહજિક નથી. વિષય એકલો અહંકારે કરીને પણ છૂટી જવો જોઈએ, નહીં તો આ વિષય તો મારી નાખે ! ભલે અહંકારનું કર્મ બંધાય, પણ અક્રમ વિજ્ઞાનમાં આટલું સાચવવા જેવું છે !**

'અતિપરિચયાત્ અવજ્ઞા !' આ પાંચ વિષયોના અનાદિકાળથી અવગાઢ પરિચય હોવા છતાં અવજ્ઞા થતી નથી, એય આશ્ચર્ય છે ને ! કારણ કે એક-એક વિષયના અનંત પર્યાયો છે ! એમાં જેના જેટલા પર્યાયોના અનુભવ થયા એટલાની અવજ્ઞા થઈને તેટલા છૂટ્યા ! પર્યાયો અનંત હોવાથી અનંતકાળ સુધી ભટકવું પડશે અને પર્યાયો અનંતા હોવાથી પારેય નહીં આવે ! આ તો જ્ઞાન સિવાય આમાંથી છૂટાય નહીં.

આપણો માર્ગ બધી રીતે સાહજિક છે, પણ આને માટે સાહજિક નથી. આ વિષયને તો ઈગોઈઝમ શરૂ કરીને પણ ઉડાડી દેવાનો છે ! કારણ કે આ ચરમ શરીરી નથી ! એટલે અહંકાર કરીને પણ આજ્ઞામાં રહેવું. ભલે અહંકારનું કર્મ બંધાય, પણ અક્રમ વિજ્ઞાનમાં આટલું સાચવવા જેવું છે ! વિષયનું સહેજ ધ્યાન કરે કે જ્ઞાન ભ્રષ્ટ થઈ જાય. 'હતો ભ્રષ્ટ, તતો ભ્રષ્ટ' થઈ જાય.

અત્યાર સુધી અણસમજણથી દોરવાયા ખરા ! પણ આ જ્ઞાન લીધા પછી તો કેટલી સમજણ ઊભી થાય ! એટલે સમજણપૂર્વક હોય તો વૈરાગ આવે ને પછી તોડી-ફાડીને વિષયના

ધાગા કાઢી નાખે. કર્મ ફરતા જ નથી, એવો કોઈ નિયમ નથી. કર્મ ફરી શકે છે. આ અજ્ઞાનીને કર્મ કેવી રીતે ફરે ? હમણાં કો'ક માગવાવાળો આવ્યો હોય, એટલે એ કર્મનો ઉદય તો આવ્યો, એને પતાવી તો દેવું પડે ને ? પણ એ પાડોશી પાસેથી પચાસ રૂપિયા લે અને પેલાને પછી પિસ્તાળીસ રૂપિયા આપે ને પાંચ પોતાની પાસે રાખે. એટલે એક કર્મ પત્યું ને બીજું કર્મ ઊભું કર્યું. એવી રીતે નવું કર્મ ઊભું કરે. એટલે પેલું જૂનું કર્મ તો પતી જાય. આ સંસારીઓ એ જ રીતે બધા કર્મ પતાવે છે. પણ આ કર્મ બધા ચૂકતે કરે છે ? ના, આ તો નવો ઓવરડ્રાફ્ટ લઈને ચૂકવી દે છે !

**પ્રશ્નકર્તા :** ઓન એકાઉન્ટ પૂરા કરે છે.

**દાદાશ્રી :** હા, પણ આનાથી આવતા ભવની જવાબદારીનું એને ભાન નથી. એ પછી અહીંથી જાનવરમાં જતા રહે. પણ આટલું સુધર્યું એટલે બહુ સારું થયું ને ! કારણ કે જે ચાલુ આચાર છે એ અમુક હદ સુધીના ચલાવી શકાય એવા છે, પણ એક વિષય સંબંધી એકલાને ના ચલાવાય. બીજું બધું ચલાવી લેવાય. તેથી બીજું બધું અમે ચલાવી લઈએ. પણ તમારે શું કરવું જોઈએ ? રાત-દહાડો 'આ બહુ ખોટી વસ્તુ છે, બહુ ખોટી વસ્તુ છે' એવા જાપ કરવા જોઈએ.

**પ્રશ્નકર્તા :** એટલે એના પ્રત્યે ખેદ જ થવો જોઈએ.

**દાદાશ્રી :** નિરંતર ખેદ રહેવો જોઈએ તો એ અમારું કહેલું, ચલાવી લીધેલું તમને કામ લાગે, નહીં તો દાદા એલાઉ કરે છે એનો અર્થ એવો નથી કે કશો વાંધો નથી. જ્યારે વિષય સંબંધમાં તો અહંકાર કરીને પણ તોડી નાંખવું. બે-ચાર જણને મેં એમ એવી રીતે તોડી નંખાવેલું ! અહંકાર કરીને, મારીને તોડ-ફાડ કરી નાખે ! પછી તે અહંકાર કર્યો, એનું કર્મ બંધાય તો ભલે બંધાય, પણ પેલો વિષય તો બધું તોડી નાખે ને ! હંમેશાં આ બધા કર્મો એવા છે કે એકને બદલે બીજું આપો તો એના બદલે છૂટે. વિષય એકલું અહંકારે કરીને પણ છૂટી જવું જોઈએ, નહીં તો આ વિષય તો મારી નાખે !

પહેલા તો ચારિત્રની સ્થિરતા આવી અત્યાર જેવી નહીં. આ અત્યારે તો બેભાન માણસો છે. આ તો જ્ઞાન લીધા પછી જો વિષયની આરાધના થાય તો શું થાય ? સત્સંગને દગો દીધો અને જ્ઞાનીને દગો દીધો, તે અહીંથી નર્કે જઈશ. અહીં વધારે દંડ મળે, તેનું શું કારણ હશે ?

**પ્રશ્નકર્તા :** જવાબદારી છે ને ?

**દાદાશ્રી :** ના, આ સત્સંગને દગો દીધો, જ્ઞાનીને દગો દીધો. દગાખોર કહેવાય મોટો. આવું તે હોતું હશે ? શું પોતે સમજતો નથી કે આ ખોટું છે એવું ? આ તો જાણીજોઈને ચલાવી લે કે કંઈ વાંધો નહીં, નહીં તો 'સમભાવે નિકાલ' કરવાનો દુરુપયોગ કરે, નહીં તો 'વ્યવસ્થિત છે' કરીને દુરુપયોગ કરે. આવું બધું તમે સાંભળેલું નહીં ને, પહેલા ?

**પ્રશ્નકર્તા :** આવું તો સાંભળેલું નહીં.

**દાદાશ્રી :** હવે તમને બધું લક્ષમાં રહેશે કે છટકી જશે ? આપણને ના હોવું જોઈએ. આ તો મોઢું દેખાડાય નહીં, એવી વસ્તુ બની જાય. શોભે નહીં આપણને. અહંકારે કરીને જે થયું હોય તે આટલું કર્મ બંધાઈ જાય કે 'ઓવરડ્રાફ્ટ' એટલો લીધો. પણ વિષય તો ના જોઈએ, એમ હોવું જોઈએ. જે બહાર વિષય આરાધતો હોય એને પોતાની બૈરી-છોકરી ગમે ત્યાં જાય તો વાંધો ના હોય. એટલે એને નાગો જ કહેવાય ને ! એને ચારિત્રની કિંમત જ નથી ને !

હવે બધું ગોઠવી દો. છેવટેય તો, કાલે દેહ

છૂટી જાય, તો એની મેળે જ વિષય છૂટી જવાનો જ છે ને ! તે જીવતા કરીએ (છોડી દઈએ) એ શું ખોટું ? મારી-ઠોકીને કુદરત કરાવડાવે, એના કરતાં જીવતા આપણે જાતે કર્યું હોય તો છૂટ્યા આમાંથી ! આ વિષયનું કર્મ એણે અટકાવ્યું, તે બદલ બીજું કર્મ એને બંધાયું પાછું. ભલે એ સહજભાવ ના કહેવાય ! અને એટલે બીજું દેવું ઊભું કર્યું. આ બીજું દેવું સારું પણ આ વિષયનું દેવું તો બહુ જ ખોટું !

વિષયનો વિચાર આવે કે તરત પ્રતિક્રમણ કરવું. પ્રતિક્રમણ થાય છે ને તારાથી ? તારી પોતાની આમાં બિલકુલ ઈચ્છા જ નથી ને ? અંદર મોળી ઈચ્છા ખરી કે 'વ્યવસ્થિત' છે, આમતેમ, એવું તેવું એવી પોલ ખરી કે ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** બાકી પોલું હાંકે. 'વ્યવસ્થિત' છે ને, એમ કહે ! પોલું હાંકવું હોય તો હંકાય ને ? પોલું હાંકે તો તેની બહુ જવાબદારી ને ? એ તો નરક ગતિમાં લઈ જાય. એટલે અમે ચેતવીએ !

**(સૂત્ર - ૬)**

**'ડિસ્ચાર્જ' તો કોને કહેવાય, કે જે પોતાની રુચિ વગર ફરજિયાત કરવું પડે તે ! આ તો હજી લાલચો હોય છે મહીં ! આ તો બધા રાજીખુશીથી કરે છે. ડિસ્ચાર્જને કોઈ સમજ્યું છે ?**

**પ્રશ્નકર્તા :** વિષય-કષાયની બળતરાનું વર્ણન મરણ કરતાંય વધારે કહ્યું છે. એટલે એના કરતાં માણસ મરવું પસંદ કરે.

**દાદાશ્રી :** ના. એણે તો મરવાની કિંમત જ નથી રાખી. એણે તો અનંત અવતારથી આ જ કર્યું છે, પાશવતા જ કરી છે, બીજું કશું કર્યું નથી. પણ મરણ તો સારું કહેવાય. મરણ તો સ્વાભાવિક વસ્તુ છે અને આ તો વિભાવિક વસ્તુ છે. સમજદારને વિષય શોભે નહીં. એક બાજુ લાખ રૂપિયા મળતા હોય ને સામે વિષયનો પ્રસંગ હોય તો લાખ જતા કરે, પણ વિષય ન સેવે.

વિષય જ સંસારનું મૂળ કારણ છે. જગતનું કૉઝિઝ જ એ છે ને ! આપણે તો આ (પરિણીતોને) વિષયની છૂટ એટલા માટે આપેલી, કે નહીં તો આ માર્ગને કોઈ પામત જ નહીં. એટલે આપણે આ અક્રમ વિજ્ઞાન ડિસ્ચાર્જ અને ચાર્જ રૂપે સમજાવ્યું છે. આ વિષય એ ડિસ્ચાર્જ છે, એવું સમજવાની શક્તિ નહીં ને બધાની ! આમનું ગજું શું ? નહીં તો અમારો જે શબ્દ છે ને 'ડિસ્ચાર્જ', તે વિષય એ ડિસ્ચાર્જ સ્વરૂપ જ છે. પણ આ વાત સમજવાનું એટલું ગજું જ નહીં ને ! કારણ કે રાત-દહાડો વિષયની બળતરાવાળા ! નહીં તો આ ચાર્જ અને ડિસ્ચાર્જ અમે જે મૂકેલું છે તે એક્ઝેક્ટલી એમ જ છે. આ તો બહુ ઊંચો માર્ગ બતાવ્યો છે, નહીં તો આમાંથી કોઈ ધર્મ જ ના પામત ને ! આ બૈરી-છોકરાંવાળા શી રીતે ધર્મ પામત ?

**પ્રશ્નકર્તા :** ઘણા એમ સમજે છે કે 'અક્રમ'માં બ્રહ્મચર્યનું કંઈ મહત્ત્વ જ નથી. એ તો ડિસ્ચાર્જ જ છે ને !

**દાદાશ્રી :** અક્રમનો એવો અર્થ થતો જ નથી. એવો અર્થ કરે તે 'અક્રમ માર્ગ' સમજ્યો જ નથી. જો સમજ્યો હોય તો મારે તેને વિષય સંબંધી ફરી કહેવાનું હોય નહીં. અક્રમ માર્ગ એટલે શું કે ડિસ્ચાર્જને ડિસ્ચાર્જ ગણવામાં આવે છે. પણ આ લોકોને ડિસ્ચાર્જ જ નથી. આ તો હજી લાલચો હોય છે મહીં ! આ તો બધા રાજીખુશીથી કરે છે. ડિસ્ચાર્જને કોઈ સમજ્યું છે ? નહીં તો અમે જે માર્ગ મૂકેલો છે, તેમાં બ્રહ્મચર્ય સંબંધી ફરી કશું કહેવાનું જ ના હોય ! આ તો પોતાની ભાષામાં બંધબેસતા અર્થ કરે પછી !

જમેલા માણસને આપણે ફરી જમવા બેસાડીએ તો તે બહુ શરમાય, પણ પછી જમે ખરો. પણ તે શું કરે ? સાચું જમે એ ? એવું વિષયમાં હોવું જોઈએ. વિષય-વિકાર તો દેખ્યો જ ના ગમે, વિચારતા જ અરેરાટી થઈ જાય ! ઊલટી થાય વિચારતા જ ! એવું હોવું જોઈએ.

'ડિસ્ચાર્જ' કયા ભાગને કહેવાય, તે લોક સમજતું નથી અને 'ડિસ્ચાર્જ'નો અર્થ પોતાની ભાષામાં કરે છે.

**પ્રશ્નકર્તા :** 'ડિસ્ચાર્જ' કયા ભાગને કહેવાય ?

**દાદાશ્રી :** આપણે ગાડીમાંથી કેટલી વખત પડી જઈએ ? ગાડીમાંથી તું પડી જાય તો એ 'ડિસ્ચાર્જ' કહેવાય. ત્યાં તું ગુનેગાર નથી, પણ કોઈ જાણી-જોઈને પડે ખરો ? ત્યાં એની જરાય ઈચ્છા હોય ? તમને આ વાતની સમજ પડી ? વાત સમજી જવા જેવી છે ને ?

**પ્રશ્નકર્તા :** બરાબર સજ્જડ સમજાઈ ગઈ.

**દાદાશ્રી :** કાનબુટ્ટી પકડીને કહો છો કે ? નહીં તો 'ડિસ્ચાર્જ'ની વાતમાં તો અંદર પોલું હાંકે. આ એકલી વિષયની જ બાબતમાં પોલું હાંકવા જેવું નથી.

**પ્રશ્નકર્તા :** પોલું કેવી રીતે હાંકે ?

**દાદાશ્રી :** જેમ ગાડીમાંથી પડી જાય, એને આપણે 'ડિસ્ચાર્જ' કહીએ છીએ, એવો પોતાને ઘેર પણ નિયમ તો હોવો જોઈએ ને ? આ તો એવું છે ને, કે પોતાના હક્કની સ્ત્રી જોડેનો વિષય એ અજુગતું નથી. છતાંય પણ જોડે જોડે એટલું સમજવું પડે કે એમાં ઘણા બધા 'જર્મ્સ' (જીવો) મરી જાય છે. એટલે અકારણ તો આવું ના જ હોવું જોઈએ ને ? કારણ હોય તો વાત જુદી છે. વીર્યમાં 'જર્મ્સ' જ હોય છે અને તે માનવબીજના હોય છે. એટલે બને ત્યાં સુધી આમાં સાચવવું. આ અમે તમને ટૂંકામાં કહીએ, બાકી આનો પાર આવે નહીં ને !

એ (અબ્રહ્મચર્ય) જે છે એ શરીરને નુકસાનકારક વસ્તુ છે. આ જે તમે ખાઓ છો, પીઓ છો એનું એકસ્ટ્રેક્ટ (સાર) થતું થતું જે વીર્ય, એ આખો સાર છે એટલે તેય ઈકોનોમિકલી સ્ટેજ (મર્યાદાપૂર્વક) હોવા જોઈએ. ગમે તેમ લાફું વાપરવાનું નથી. એટલે આપણે તો ચંદુભાઈને કહેવાનું કે 'ભઈ, આમ ના ચાલે, લાફા ના થવાય.' આપણે તો વિષયી છીએ જ નહીં. આપણને લાગતું-વળગતું નથી પણ આપણે ચંદુભાઈને કહેવું જોઈએ. નહીં તો પાછા ચંદુભાઈ માંદા પડે તો આપણે ઉપાધિ ખરી ને ! એટલે ચેતતા રહીએ તો એમાં શું ખોટું ? નહીં તો એ નિર્વીર્ય થાય ને શરીર તો આ કહેશે, હે... ગયું, એ ગયું, આ ગયું. મેર ચક્કર ! ત્યારે પહેલા દાદાનું કહ્યું માન્યું નહીં ને હવે ગયું, ગયું કર્યા કરે છે !

**પ્રશ્નકર્તા :** તો પછી આ વિષય-વિકાર કેમ થઈ જાય છે ?

**દાદાશ્રી :** એ તો થઈ જાય અને તમારી વાત જુદી છે. તમે તો લગ્ન કરીને આવેલા છો. તમારે તો 'સમભાવે નિકાલ' કરવાનો હોય. આમને પણ પૈણે તો તો પછી 'સમભાવે નિકાલ' કરવાનો, નહીં તો વહુને દુઃખ થાય. પણ જેને બ્રહ્મચર્ય વ્રત લેવું હોય તો તેમાં રહી શકાય એવું છે. આપણું જ્ઞાન એવું છે. 'હું શુદ્ધાત્મા છું' એ નિરંતર, જેના લક્ષમાં રહે છે એ મોટામાં મોટું બ્રહ્મચર્ય. પણ જેને વ્યવહારમાં 'ચારિત્ર' લેવાની ઈચ્છા છે, તેને બહારના બ્રહ્મચર્યની જરૂર છે.

આ જ્ઞાન એવું છે કે એકાવતારી કરે, પણ ચોક્કસ રહેવું જોઈએ ને મનમાં સહેજ પણ દગો નહીં રાખવો જોઈએ. વિષય એ શોખ કરવા જેવી ચીજ નથી.

## (સૂત્ર - ૭)

**તારી દાનત બગડી ત્યારથી ભગવાનની કૃપા ઓછી થવા માંડી એવું મને ખબર પડે ને ! દાનત ચોર છે એટલે પછી ખલાસ થઈ ગયું !**

**પ્રશ્નકર્તા :** બાકી આપનું જ્ઞાન, આપનું સુખ જે છે, તે ખરેખર આ બધા કરતાં ઊંચું છે એ વાત સમજાય છે.

**દાદાશ્રી :** ઊંચું નહીં, આ જ્ઞાન તો એવું છે કે વર્લ્ડમાં કોઈ દહાડો બન્યું જ નથી.

આ મેં જે તમને આપ્યું છે તે એટલું બધું સુખદાયી છે કે બીજું સુખ તમને મોળું પડી ગયેલું લાગે. એટલે ગમે જ નહીં, એટલું બધું એ સુખદાયી છે ! પરમ સુખદાયી છે, પરમ સુખનું ધામ છે !

આપણું આ નિરંતર સમાધિમાં રાખે એવું વિજ્ઞાન છે. પછી એ ભૌતિક સુખની ઈચ્છા જ ના રાખે ને !

**પ્રશ્નકર્તા :** પણ એ વર્તનમાં નથી આવતું.

**દાદાશ્રી :** વર્તનમાં બહુ સુંદર આવે એવું છે ! વર્તનમાં એટલું બધું સુંદર આવે એવું છે કે ન પૂછો વાત !

**પ્રશ્નકર્તા :** જ્યારે જ્ઞાન લીધું, ત્યારે પહેલું દોઢ વરસ ગજબનું આવી ગયું, ત્યારે વર્તનમાં પણ ગજબનું આવ્યું હતું.

**દાદાશ્રી :** એ તો પછી દાનત બગડી. દાનત નવું નવું ખોળે પછી. મનનો સ્વભાવ વેરાઈટિઝ (વિવિધતા) ખોળવાનો છે. એટલે શરૂઆતમાં તો એટલું સરસ આવેલું કે મને કહેતો હતો કે આ વિષય મને નહીં ફાવે, મારે કાયમને માટે આ બ્રહ્મચર્ય જ લઈ લેવું છે. તેમાં તો પછી કઈ ઊંધી બાજુ ચાલ્યું !

**પ્રશ્નકર્તા :** આમાં તો પોતાની જ નબળાઈ છે ને ?

**દાદાશ્રી :** નબળાઈ એટલે પાર વગરની નબળાઈ ! આ તો માણસને મારી નાખે. તારી દાનત બગડી ત્યારથી ભગવાનની કૃપા ઓછી થવા માંડી એવું મને ખબર પડે ને !

**પ્રશ્નકર્તા :** તો હવે એનો ઉપાય શું ? ભગવાનની કૃપા જો ઓછી થવા લાગે તો પછી તો પતી જ ગયું ને ?

**દાદાશ્રી :** તે પછી આ દાનત ચોરી છોડી દેવી જોઈએ. એ તરફ દૃષ્ટિ જ કેમ જવી જોઈએ ? એટલે બધી મીનિંગલેસ (અર્થહીન) વાતો છે. આ તો તારે દૃષ્ટિ કેળવવી જોઈએ કે કપડાં સાથે આમ આરપાર દેખાય એટલે કે પહેરેલ કપડે કપડાં રહિત દેખાય, પછી ચામડી રહિત દેખાય, એવી દૃષ્ટિ કેળવવી પડે ત્યારે પોતાની સેફસાઈડ થાય ને ! આ શાથી બોલું છું ? માણસને મોહ શાથી થાય છે ? કપડાં પહેરેલા દેખે છે ને મોહ થાય છે ! પણ અમારા જેવી આરપાર દૃષ્ટિ થઈ જાય, પછી મોહ જ ઉત્પન્ન ના થાય ને !

**પ્રશ્નકર્તા :** વચ્ચે થોડા વખત એવું રહેતું. પછી ફરી એવું રહ્યું નહીં.

**દાદાશ્રી :** એટલે દાનત ચોર છે. દાનત જ ખોટી હતી ! અને વિષય એવી વસ્તુ છે કે ત્યાં આગળ એક્સેપ્શન (અપવાદ) જ ના હોય. આ તો તમારે પાંચ આજ્ઞા પાળવાની શક્તિ જ નથી. પાંચ આજ્ઞા પાળવાની હોય તોય હું એક્સેપ્શન ના આપું કોઈનેય ! કારણ કે આ વિષય તો તમને ક્યાંય સ્લિપ કરીને (લપસાવીને) ખલાસ કરી નાખે. એટલે આ એક જ વિષય જો કદી ઓળંગી ગયો તો ખલાસ થઈ ગયું, એની સેફસાઈડ (સલામતી) થઈ જાય ! અમારી આજ્ઞામાં રહો તો તમને સહેજે કૃપા મળે. દાદાને કશું લેવું નથી ને દેવુંયે

નથી. આજ્ઞામાં તમે રહો તો અમે જાણીએ કે આ લોકોએ આજ્ઞામાં રહીને દીપાવ્યું !

કોઈ માણસ પાંચ-સાત દહાડાનો ભૂખ્યો હોય, તો તે લડવા જાય ખરો ? ના, શાથી ? એનું મન ઓગળી ગયું હોય, એવું આ વિષયમાં છે. મન ઓગળી જાય, એટલે ટાઢું ટપ !

**પ્રશ્નકર્તા :** પણ દાદા, ઉપવાસ કરું છું, તે દહાડે મારાથી સ્કૂટર પણ બરાબર ઉપાડી ના શકાય એવું લાગે.

**દાદાશ્રી :** આ બધી વકીલાત કહેવાય. અહીં આગળ વકીલાત કરવાની હોય નહીં. આ તો બચાવ કહેવાય. અહીં બચાવ કરવાનો ના હોય ને !

**પ્રશ્નકર્તા :** ના, આ હું બચાવ કરતો નથી, પણ તમારી આગળ ખુલ્લું કરું છું.

**દાદાશ્રી :** પણ આ બધા બચાવ કહેવાય. અહીં બચાવ કરવાનો ના હોય. અહીં આગળ ક્યાં જેલમાં ઘાલી દેવાના છે ? પોતાના મનમાં એમ ઘૂસી જાય કે હવે ઉપવાસ થયો એટલે આવું થઈ જશે, આમ થઈ જશે, તેમ થઈ જશે, તો એવું થાય. ઉપવાસ તો બહુ શક્તિ આપે. આ તો મન તને છેતરે છે, ઊંધે પાટે ચઢાવે છે.

## (સૂત્ર - ૮)

**આ બ્રહ્મચારીઓને ઉત્તેજના થાય એવો ખોરાક આપે તો શું થાય ? મન-બન બધું ફેરવાઈ જાય ! ખોરાકના આધારે જ બધું મન છે, તે આખો મહેલ કડડભૂસ તોડી પાડે !**

**પ્રશ્નકર્તા :** ઉપવાસને અને બ્રહ્મચારીઓને શું 'કનેક્શન' (સંબંધ) છે ? રવિવારનો ઉપવાસ એમને શાથી કરવાનો ?

**દાદાશ્રી :** આ રવિવારનો ઉપવાસ શેને માટે કરે છે ? વિષયનો સામો થયો છે. વિષય મારા ભણી આવે જ નહીં, એટલા માટે વિષયનો સામાવાળિયો થયો ત્યારથી જ નિર્વિષયી થયો. આ હું આમને વિષયના સામાવાળિયા જ કરું છું. કારણ કે આમનાથી એમ વિષય છૂટે એવો નથી, આ તો બધા ચીભડાં કહેવાય, આ તો દુષમકાળના ખદબદતા ચીભડાં કહેવાય. આમનાથી કશું છૂટે નહીં, તેથી તો પછી બીજા રસ્તા કરવા પડે ને !

**પ્રશ્નકર્તા :** શરીર જરા પુષ્ટ બને એવું રાખવાનું ખરું ?

**દાદાશ્રી :** ના, પુષ્ટ નહીં, પણ તેજદાર હોવું જોઈએ. જે 'સ્ટાન્ડર્ડ' (પ્રમાણસર) વજન હોય તેટલું રાખવું.

**પ્રશ્નકર્તા :** ઊણોદરી અને બ્રહ્મચર્યને કેટલું કનેક્શન ?

**દાદાશ્રી :** ઊણોદરીથી તો આપણને જાગૃતિ વધારે રહે. એથી બ્રહ્મચર્ય રહે જ ને ! ઉપવાસ કરવા કરતાં ઊણોદરી સારું, પણ આપણે 'ઊણોદરી રાખવી જોઈએ' એવો ભાવ રાખવો અને ખોરાક બહુ ચાવીને જમવું. પેલા બે લાડવા ખાતા હોય તો તમારે એટલા ટાઈમમાં એક લાડવો ખાવો. એટલે ટાઈમ સરખો જ લે, પણ ખવાય ઓછું. મેં ખાધું એવું રહે અને ઊણોદરીનો લાભ મળે. બહુ ટાઈમ ચાવે તો લાભ બહુ સારો રહે.

અમે ઊણોદરી તપ ઠેઠ સુધી રાખેલું ! બેઉ ટાઈમ જરૂરિયાત કરતા ઓછું જ ખાવાનું, કાયમને માટે ! ઊણું જ ખાવાનું એટલે મહીં જાગૃતિ નિરંતર રહે.

આ જે ખોરાક છે, તે પોતે જ દારૂ છે. આપણે જે ખોરાક ખાઈએ છીએ, તેનો મહીં દારૂ થાય છે. પછી આખો દહાડો દારૂનો કેફ રહ્યા કરે અને કેફ રહે એટલે જાગૃતિ બંધ થઈ જાય. એટલે શું કહ્યું છે બધો ખોરાક લો, પણ હલકો

લો. શારીરિક તંદુરસ્તી ખલાસ ના થવી જોઈએ. આપણે કંઈ આ શરીરને બહુ કષ્ટ નહીં આપવાનું, નોર્માલિટીમાં રાખવાનું છે.

## (સૂત્ર - ૯)

**કોઈ પણ દિશામાં પ્રવહન કરવું એ મનનો સ્વભાવ છે ! આથી મનને ધાર્યું વાળી શકાય એવું છે, એને ડાયવર્ટ કરી શકાય એવું છે. બે-પાંચ વર્ષ જ જો મનને આ બ્રહ્મચર્ય તરફ વાળે, આ એક જ દિશામાં વહન કરે તો એની સામે કોઈ આંખ પણ માંડી ના શકે !**

એક વિષયને લીધે આ સંસાર ઊભો રહ્યો છે. આ સ્ત્રી વિષય ના હોય ને, તો બીજા બધા વિષય તો કોઈ દહાડોય નડતા નથી. એકલા આ વિષયનો અભાવ થાય તોય દેવગતિ થાય. આ વિષયનો અભાવ થયો કે બીજા બધા વિષયો બધું જ કાબૂમાં આવી જાય અને આ વિષયમાં પડ્યો કે વિષયથી પહેલા જાનવર ગતિમાં જાય અને એથી વધારે વિષયી હોય તો નર્કગતિમાં જાય. વિષયથી બસ અધોગતિ જ છે.

**પ્રશ્નકર્તા :** અમારે આ વસ્તુની સમજ નથી એટલે અનુભવ નિરંતર રહેતો નથી એવો ?

**દાદાશ્રી :** આ તમને તો સમજણ જ નહીં ને ! આ તો તમને મહીં ઠંડક એની મેળે રહે ત્યાં સુધી જ બરાબર રહે, પણ એ તો ઊડી જતા વાર જ નહીં લાગે ને ! આ છોકરાઓને કશી સમજણ જ નહીં ને ! એમને કોઈ કહે કે 'બાબા, લે આ બિસ્કિટ', તો પેલો બિસ્કિટ આપીને હીરો પડાવી લે. એટલે આમની સમજણ કેવી ? વસ્તુની કિંમત જ નહીં ને ! પણ આ છોકરાઓ પુણ્યશાળી ખરા, પણ બાળક કહેવાય. આ વ્રત લેનારા બધાય બાળક કહેવાય. સહેજ દુઃખ આવે તો આ બધુંય ભેલાડી દે ! આ તો ગમે તેવા દુઃખને ગણકારે નહીં ત્યારે આ વ્રત રહે. મારી આજ્ઞામાં ચોખ્ખો રહે ત્યારે આ વ્રત રહે !

બ્રહ્મચર્ય એ કદી એક છ જ મહિના સાચા દિલથી પાળ્યું હોય, મન-વચન-કાયાએ કરીને, તો એ ગુલાબ આવડા આવડા મોટા થાય ! બ્રહ્મચર્ય એ તો મોટામાં મોટું ખાતર છે. બ્રહ્મચર્ય તો, મન બિલકુલ ડગે નહીં, ત્યારે એ બ્રહ્મચર્ય મગજમાં ઘૂસે અને પછી એના વાણી-વર્તન બધું ફેરફાર થઈ જાય !

બ્રહ્મચર્ય તો મોટામાં મોટું સાધન છે. આપણું બ્રહ્મચર્ય એ પવિત્ર વસ્તુ હોવી જોઈએ. બ્રહ્મચર્ય એ માનસિક વસ્તુ નથી, આ બીડીના વ્યસન જેવું અબ્રહ્મચર્યનું નથી. આ વ્યસન એ જુદું છે ને અબ્રહ્મચર્ય એ જુદી વસ્તુ છે.

અબ્રહ્મચર્યથી જ બધા રોગ ઊભા થાય છે. એટલે બ્રહ્મચર્ય પાળવું એ સિદ્ધાંત રાખવો જોઈએ અને તે પહેલેથી જ જાણવો સારો ! એંસી વર્ષે આ સિદ્ધાંત જાણીએ તો શું કામનો ? આપણું અસ્તિપણું એક જ જગ્યાએ હોય, બે જગ્યાએ ના હોય. એટલે બને ત્યાં સુધી સિદ્ધાંતને પાળવો. અત્યારે ચારિત્રની કિંમત જ ઊડી ગઈ છે. બ્રહ્મચર્યની તો કિંમત જ ઊડી ગઈ છે ને ! સ્વચ્છ જીવન જીવવાની કિંમત જ ઊડી ગઈ છે ! પવિત્ર જીવન જ જીવવાનું છે.

## (સૂત્ર - ૧૦)

**વિષયને ઝેર જાણ્યું જ નથી. ઝેર જાણે તો એને અડે નહીં ને ! તેથી ભગવાને કહ્યું કે જ્ઞાનનું ફળ વિરતિ ! જાણ્યાનું ફળ શું ? અટકી જાય. વિષયોનું જોખમ જાણ્યું નથી, માટે તેમાં અટક્યો નથી.**

**પ્રશ્નકર્તા :** 'આ કાર્ય ખોટું છે, એ નથી કરવા જેવું.' એ આપણને ખબર છે, એમ છતાં પણ એ થઈ જાય છે. તો એને અટકાવવા માટે શું પ્રયત્ન કરવો ? શું પુરુષાર્થ કરવો ?

**દાદાશ્રી :** એવું છે ને, જે ગુનાનું શું ફળ છે એ જાણીએ નહીં, ત્યાં સુધી એ ગુના થયા કરે

છે. કૂવામાં કેમ કોઈ પડતું નથી ? આ વકીલો ગુના ઓછા કરે છે, શાથી ? આ ગુનાનું આ ફળ મળશે, એવું એ જાણે છે. માટે ગુનાનું ફળ જાણવું જોઈએ. પહેલા તપાસ કરવી જોઈએ, કે ગુનાનું ફળ શું મળશે ? 'આ ખોટું કરું છું, એનું ફળ શું મળશે !' એ તપાસ કરી લાવવી જોઈએ.

આ દુનિયાનો એવો નિયમ છે કે ગુનાના ફળને પૂરું જાણતા હોય તો, એ ગુનો કરે જ નહીં ! ગુનો કરે છે એટલે એ ગુનાના ફળને પૂરું જાણતો નથી ! આ અમે નર્કનું ફળ જાણીએ છીએ, એટલે અમે તો કોઈ દહાડોય નર્કનું ફળ આવે એવી વાત તો, આ શરીર તૂટી જાય તોય ના કરીએ. તમે નર્કનું સ્વરૂપ સાંભળ્યું, તો તમને કેવું લાગે હવે ? માટે કર્મનું ફળ શું, એ જાણવાનું. કારણ કે ગુનો થાય છે તો હજુ 'એનું ફળ શું' એ જાણ્યું જ નથી. માટે પ્રકૃતિ કેવી બાબતમાં ખોટું કરે છે, એ કો'કને પૂછવું જોઈએ. જ્ઞાની પુરુષ હોય તેને પૂછવું જોઈએ, કે 'હવે મારે આ જગ્યાએ શું કરવું ?' અને તે ઉપરાંત એ પ્રકૃતિથી થઈ જાય તો માફી માગવી જોઈએ. જે પ્રકૃતિ આપણને પસ્તાવો કરાવડાવે, એ પ્રકૃતિનો વિશ્વાસ જ કેવી રીતે કરાય ?

વિષયદોષ થવો એ મોટામાં મોટી જોખમદારી છે ! બધા અણુવ્રત, બધા મહાવ્રત તૂટે છે ! કરોડો અવતારેય વિષય છૂટે એવો નથી. આ તો એક જ્ઞાની પુરુષ પાસે એમની આજ્ઞામાં રહેવાથી છૂટે તેમ છે. દાદા છે ત્યાં સુધીમાં બધા જ રોગ નીકળી જશે ! કારણ કે દાદામાં કોઈ રોગ નથી ! માટે જેને જે રોગ કાઢવા હોય તે નીકળશે. મારામાં પોલ હોત તો તમારું કામ ના થાત !

**(સૂત્ર - ૧૧)**

**આ વિષય બાબતમાં સંયોગ થાય તો અમારી કડવી નજર ફરી જાય, અમને તરત બધી ખબર પડી જાય. એ 'દાદા'ની નજર કડવી રહે છે, તેય વિષય એકલામાં જ, બીજી બાબતમાં નહીં.**

બીજી ભૂલો થાય પણ 'આ' તો ન જ હોવી જોઈએ. અને થઈ તો અમને કહી દેવી તો રિપેર કરી આપીએ, છોડાવી આપીએ.

**પ્રશ્નકર્તા :** અહીં છૂટવા માટે તો દાદા પાસે આવવાનું છે બધી રીતે.

**દાદાશ્રી :** એનો વાંધો નહીં. એટલા માટે તો આ આપ્તપુત્રોને મેં બધું લેખિત લીધું કે મારે કાઢી ના મેલવા પડે, તમારી મેળે જ જતું રહેવાનું.

પેલો વિષય એ 'સંયોગ'રૂપે થતો હોય ને, તેને અમારી કડવી નજર થાય ને, એટલે એ છૂટી જાય, એની મેળે જ. એ તાપ જ છોડાવી નાખે. અમારે વઢવું ના પડે. એવી કડવી નજર પડે, તે પેલાને તાપથી રાતે ઊંઘ ના આવે. એ સૌમ્યતાનો તાપ કહેવાય. પ્રતાપનો તાપ તો જગતના લોકો પાસે છે. પ્રતાપ તો મોઢા પર તેજ હોય બધું, આમ બ્રહ્મચર્ય સારું, બળવાન હોય શરીર, વાણી એવી પ્રતાપશીલ, વર્તન એવું પ્રતાપશીલ ! એ પ્રતાપ તો હોય સંસારમાં, સૌમ્યતાનો તાપ ના હોય કોઈની પાસે. હવે આ બે ભેગું થાય ત્યારે કામ થાય. સૂર્ય-ચંદ્રના બંને ગુણો ! એકલા પ્રતાપી પુરુષો ખરા, પણ થોડા, બહુ આવા દુષમકાળમાં તો હોય જ નહીં ને !

**પ્રશ્નકર્તા :** અને આપણું આ જ્ઞાન જ એવું છે ને, કે મહીંથી જ આમ ગોદા મારીને ચેતવ્યા કરે.

**દાદાશ્રી :** હા, એ ગોદા મારે.

**પ્રશ્નકર્તા :** એટલે સહેજ કંઈ આઘુંપાછું થયું હોય ને, તો મહીં પેલી બૂમાબૂમ મચી જાય કે આ ચૂક્યા, પાછા ફરો અહીંથી. એટલે મહીં સેફ(સલામતી)માં જ આખું ખેંચી લાવે આપણને.

**દાદાશ્રી :** હારવાની જગ્યા થાય તો મને કહી દેવું. એક અવતાર અપવિત્ર નહીં થાય તો મોક્ષ થઈ ગયો, લીલી ઝંડી અને લગ્ન કરો તોય વાંધો નહીં, તોય મોક્ષને વાંધો નહીં આવે.

**પ્રશ્નકર્તા :** આપણે ઈચ્છાપૂર્વક કોઈને અડીએ, એને વર્તનમાં આવ્યું કહેવાય ને ?

**દાદાશ્રી :** ઈચ્છાપૂર્વક અડીએ ? તો તો વર્તનમાં જ આવ્યું કહેવાય ને ! ઈચ્છાપૂર્વક દેવતાને અડી જોજે ને !

**પ્રશ્નકર્તા :** ખ્યાલમાં આવ્યું.

**દાદાશ્રી :** એ પછી આગળની ઈચ્છા તો... ઈચ્છા થઈ ત્યાંથી તો કાઢી જ નાખવી જોઈએ, મૂળમાં ઊગતા જ, બીજ ઊગતા જ આપણે જાણીએ કે આ શેનું બીજ ઉગે છે ? ત્યારે કહે, વિષયનું. તો તોડીને કાઢી નાખવાનું. નહીં તો એને અડતા આનંદ થયો એટલે પછી તો ખલાસ થઈ ગયું. એ જીવન જ નહીં ને માણસનું ! હવે કાયદા સમજીને કરજો આ બધું. જેને વર્તનમાં આવ્યું એટલે અમે બંધ કરી દઈએ. કારણ કે નહીં તો આ સંઘ તૂટી જાય. સંઘમાં તો વિષયની દુર્ગંધ આવે જ નહીં. એટલે આવું હોય તો મને કહી દેજે. પૈણું તોય ઉપાય છે કે પૈણું તો મોક્ષ કંઈ નાસી જવાનો નથી. તને ઉપાય રહે એવું કરી આપીશું.

## (સૂત્ર - ૧૨)

### અપવિત્રતા તો બિલકુલ ચાલે નહીં. અહીં બિલકુલ પવિત્ર પુરુષોનું કામ !

જેને નિશ્ચય છે ને એ રહી શકે છે ! જ્ઞાની પુરુષનો માથે આધાર છે. જ્ઞાન લીધેલું છે, સુખ તો મહીં હોય ને, પછી શાના માટે બધું કૂવામાં પડવાનું ? એટલે જે આ પ્રમાદ કર્યા ને, ત્યાર પછી મને ગમતા જ નથી તમે. હજુ પ્રમાદી અને યુઝલેસ ! કશું ઠેકાણું જ નહીં ને ! મારી હાજરીમાં ઊંઘે એટલે પછી શું વાત કરવી ? ક્યારે લખીને આપવાના છો ?

**પ્રશ્નકર્તા :** તમે કહો ત્યારે, હમણે લખી આપીએ.

**દાદાશ્રી :** બે કલમો, એક વિષયી વર્તન, વિષયી વર્તન થાય તો અમે જાતે નિવૃત્ત થઈ જઈશું, કોઈને નિવૃત્ત કરવા નહીં પડે, એવું લખવાનું. જાતે જ આ સ્થાન છોડીને અમે ચાલ્યા જઈશું અને બીજું આ પ્રમાદ થશે તો સંઘ જે અમને શિક્ષા કરશે તે ઘડીએ. ત્રણ દા'ડાની ભૂખ્યા રહેવાની કે એવી તેવી, જે કંઈ શિક્ષા કરે તે સ્વીકારીશું. અમે ક્યાં વચ્ચે પડીએ ? સંઘ છે ને આ ! આ લોકો મારી હાજરીમાં આટલુ ઊંઘે તે સારું દેખાય ? હા, બપોરે તો ઊંઘતા હતા તે આ પકડાયા બધા. પહેલાય બહુ દા'ડા પકડાયેલા. આ તો બધો કચરો માલ છે ! તે તો ભઈ સમો જેમ તેમ મહીં થોડો ઘણો થયો. તારે એવું લખીને આપવાનું. આપ્તપુત્ર એવું લખીને આપે આપણને, બે કલમો, કઈ કઈ કલમો લખીને આપે ?

**પ્રશ્નકર્તા :** એક તો ક્યારે પણ વિષયસંબંધી દોષ નહીં કરું અને કરું તોયે...

**દાદાશ્રી :** કરું તો તરત હું મારે ઘેર જતો રહીશ. આ આપ્તપુત્રની જગ્યા છોડીને જતો રહીશ. તમને મોઢું દેખાડવા નહીં રહું.

અને બીજું, જ્ઞાની પુરુષની હાજરીમાં ઝોકું નહીં ખાઉ. પ્રમાદ નહીં કરું કોઈ જાતનો. આ બે શરતો લખીને બધા તૈયાર થઈ જાવ. એટલે બ્રહ્મચર્ય મહત્વનું છે.

હું એમને કહું છું, પૈણો નિરાંતે. પણ કહે છે નથી પૈણવું. હું ના નથી કહેતો. તમે પૈણો. પૈણશો તોય મોક્ષ આમાં જતો નહીં રહે. એટલે અમારા માથે આરોપ ના આવે. તમને ના પોષાતી

હોય વહુ, તેમાં હું શું કરું તે ? ત્યારે કહે, અમને પોષાતી નથી. એવો ખુલાસો કરે છે ને ! એટલે તારે પોષાય તો પૈણજે અને ના પોષાય તો મને કહેજે.

મહીં માલ ભરેલો હોય, તો પૈણીને પછી એનો હિસાબ પૂરો કરો. એ પૈણ્યા એટલે કાયમ કોઈ ધણી થઈ બેસતો નથી. બધા રસ્તા હોય છે.

મન બગડે તો પ્રતિક્રમણ કરવા પડે, તે શૂટ ઑન સાઈટ (દોષ થતા તુરંત) જોઈએ. મનથી દોષો થાય તે ચલાવી લેવાય. તે અમારી પાસે ઉપાય છે, અમે તે વાપરીને ધોઈ નાખીશું. વાણીથી ને કાયાથી થાય તો ના ચલાવી લેવાય. પવિત્રતા જોઈશે જ ! કલમો તને ગમે છે ?

**પ્રશ્નકર્તા :** ગમે છે.

**દાદાશ્રી :** તો લખી લાવજે. ના ગમે તો નહીં. કલમો મંજૂર ના હોય તો હમણે બંધ રાખવાની. જ્યારે એડમિશન લેવા જેવું થાય ત્યારે કરવાની.

અમારી હાજરીમાં જરાય ઊંઘ ના આવે કોઈને. ખામી નહીં આવવી જોઈએ બધી. વિનય નિરંતર રહેવો જોઈએ. આખો દહાડો મારી હાજરીમાં આંખ મિંચાય એ ચાલે નહીં અને અપવિત્રતા તો બિલકુલ ચાલે નહીં. અહીં બિલકુલ પવિત્ર પુરુષોનું કામ ! પવિત્રતા હોય તો ત્યાં ભગવાન આઘાપાછા થાય નહીં !

મેં બધાને કહ્યું છે, 'ભઈ, આવી પોલ તો ના ચાલે, એ અનિશ્ચય છે.' આ આપ્તપુત્રો પૈણ્યા નથી પણ નિશ્ચય છે એટલે વર્તન બગડવા નહીં દેવાનું. એકેએકે બોલો જોઈએ, દૃઢતાથી કોણ પાળશે ? એકેએકે બોલો, ઊભા થઈને બોલો ને !

વર્તન બગડે, તેને તો ડિસમિસ કરજો. કરાર લખીને મને આપ્યા. ના ચાલે અપવિત્રતા, ભૂંડ જેવો વ્યવહાર ! ભૂંડ ને આમાં ફેર શું રહ્યો તે ? જો પવિત્ર માણસો તૈયાર થયા છે, જગતનું કલ્યાણ કરશે !

## (સૂત્ર - ૧૩)

**અત્યારે બ્રહ્મચર્ય રહે છે, તે તમારી પુણ્યૈ છે ને પુણ્યૈ ફરે ત્યારે પુરુષાર્થની જરૂર ! આના માટે ટોળામાં રહેવું.**

તને બ્રહ્મચર્ય માટે પણ તાવી જોતા આવડે ખરું ? એ તાવી જોતા આવડે તો કામનું ! બધી રીતે તાવી જોવું જોઈએ.

**પ્રશ્નકર્તા :** આમાં મને પોતાને એવું લાગે છે કે મારો પુરુષાર્થ બહુ મંદ છે.

**દાદાશ્રી :** એ તો ત્યાં આગળ બધા જોડે રહેશે ને, તે જોજો પુરુષાર્થનો જોગ ! બ્રહ્મચર્ય પાળી શકવા માટે આટલા કારણો હોવા જોઈએ. એક તો આપણું આ 'જ્ઞાન' હોવું જોઈએ. પાછી આટલી જરૂરિયાત જોઈએ તો ખરી, કે બ્રહ્મચારીઓનું ટોળું હોવું જોઈએ. બ્રહ્મચારીની જગ્યા શહેરથી જરા દૂર હોવી જોઈએ અને પાછળ પોષણ હોવું જોઈએ. એટલે આવા બધા 'કૉઝિઝ' (કારણો) હોવા જોઈએ. બ્રહ્મચારીઓના ટોળામાં હોય ત્યાં સુધી એ પ્રખ્યાત હોય, પણ જો છૂટો પડી ગયો તો એ પ્રખ્યાત ન હોય. પછી એ બીજા તાલમાં આવે ને ! ટોળું હોય ત્યારે બીજો તો વિચાર જ ના આવે ને ! આ જ આપણો સંસાર ને આ જ આપણો ધ્યેય ! બીજો વિકલ્પ જ નહીં ને ! અને સુખ જોઈએ છે, તે તો મહીં પાર વગરનું હોય, અપાર સુખ હોય !

**પ્રશ્નકર્તા :** બ્રહ્મચર્ય માટે સંગબળની જરૂર પડે ને ?

**દાદાશ્રી :** હા, જરૂર પડે. એ સંગબળની તો જરૂર ખરી. ગમે તેવો બ્રહ્મચારી હોય, પણ તેને કુસંગ માત્ર નુકસાનકારક છે. કારણ કે કુસંગનો

પાસ જો અડે, તો એ નુકસાનકારક થયા વગર રહે જ નહીં.

**પ્રશ્નકર્તા :** એનો અર્થ એવો થયો કે કુસંગ નિશ્ચયબળને કાપી નાખે ?

**દાદાશ્રી :** હા, નિશ્ચયબળને કાપી નાખે ! કુસંગ એ જ પોઈઝન (ઝેર) છે. કુસંગથી તો બહુ છેટા રહેવું જોઈએ. કુસંગની અસર મન પર થાય, બુદ્ધિ પર થાય, ચિત્ત પર થાય, અહંકાર પર થાય, શરીર પર થાય. એક જ વર્ષના કુસંગની થયેલી અસર તો પચ્ચીસ-પચ્ચીસ વર્ષ સુધી રહ્યા કરે. એટલે એક જ વરસ દહાડાનું કેટલું બધું ખરાબ ફળ આવીને ઊભું રહે છે ! એ પછી પસ્તાવો કર કર કરે તોય છૂટે નહીં. અને એક ફેરો લપસ્યા પછી વધારે ને વધારે ઊંડું ગરકાય અને ઠેઠ તળિયે ઉતારી દે. પછી પસ્તાવો કરે, પાછું ફરવું હોય તોય ના ફરાય. એટલે સંગ સુધર્યો, તેનું બધું જ સુધર્યું અને સંગ બગડ્યો, તેનું બધું જ બગડ્યું. સૌથી મોટું જોખમ કુસંગ છે. સત્સંગમાં પડી રહેલાને વાંધો ના આવે.

ટોળામાં એકમેકના વિચારોની અસરો પડે ! બ્રહ્મચર્ય પાળવું સહેલું નથી, એમાં કુદરતની યારી જોઈએ. આપણી પુણ્યૈ અને પુરુષાર્થ જોઈએ. પછી આનંદ ઉત્પન્ન થશે અને તેય તમે બધા ભેગા રહો ત્યારે થાય. કારણ કે સામસામી અસરો થાય. પચાસ બ્રહ્મચારીઓની સાથે પાંચ નાલાયક માણસ મૂકીએ તો શું થાય ? દૂધ ફાટી જાય.

ચારિત્રની બૂમ ના હોવી જોઈએ ! ચારિત્રની બૂમ આવી ત્યાં ધર્મ જ નથી, એવું તો આખું જગત કબૂલ કરે. ચારિત્રની ભાંજગડ ના હોય ત્યાં. જો બીજી ભૂલચૂક હશે તો ચલાવી લેવાશે, પણ ચારિત્રની ભાંજગડ તો ન જ ચલાવી લેવાય. ચારિત્ર તો મુખ્ય આધાર છે.

'બ્રહ્મચર્ય આશ્રમ'માં રહેવાનું હોય, ત્યાં આગળ કંઈ ભૂલચૂક થાય તો બધા ભેગા થઈને કાઢી જ મૂકે. માટે પહેલેથી ચેતીને ચાલવું, વિષય સંબંધી અણસમજણને લઈને બ્રહ્મચર્ય ટકતું નથી. બ્રહ્મચર્યને માટે જ્ઞાની પુરુષની પાસે સમજણ જો સમજી લે તો બ્રહ્મચર્ય સરસમાં સરસ ટકે. સમજવાની જ જરૂર હોય છે એમાં.

## (સૂત્ર - ૧૪)

**એક્ઝેક્ટલી જ્યારે સમજ પડે ત્યારે એ સમજ જ ક્રિયાકારી થાય. પછી એ પોઈઝનને અડે જ નહીં.**

**પ્રશ્નકર્તા :** તો એવું ખરું, વિષય સમજણથી જાય ? જેમ સમજણ વધતી જાય એમ વિષય જતો રહે !

**દાદાશ્રી :** સમજણથી જ જતો રહે. આ સાપ ઝેરી હોય ને કૈડે કે તરત મરી જાય. એવી જો સમજણ બેસી ગઈ ને, પછી એ ઝેરી નાગથી છેટો જ રહે. એવું આમાં સમજણ બેસી જવી જોઈએ.

**પ્રશ્નકર્તા :** સમજવા છતાં જગતના વિષયોમાં મન આકર્ષાયેલું રહે છે, સમજીએ છીએ કે સાચું-ખોટું શું છે, છતાં વિષયોમાંથી છૂટાતું નથી. તો એનો ઉપાય શો ?

**દાદાશ્રી :** જે સમજણ ક્રિયાકારી હોય તે જ સાચી સમજણ કહેવાય, બીજી બધી વાંઝિયા સમજણ કહેવાય. અત્યારે આ સમજની એને એક્ઝેક્ટનેસ આવી નથી.

**પ્રશ્નકર્તા :** હા, પણ એ સમજમાં કેમ આવતું નથી ?

**દાદાશ્રી :** અનાદિકાળનું આરાધેલું છે ને, એ જ સત્ય માનેલું છે ને !

**પ્રશ્નકર્તા :** એ બરાબર છે, પણ એ આરાધેલું

ને અત્યારનું જ્ઞાન, એમાં હજી કેમ યુદ્ધ ચાલ્યા કરે છે ?

**દાદાશ્રી :** વિગતવાર વિચારવાની પોતાની શક્તિ જ નથી ને !

**પ્રશ્નકર્તા :** શક્તિ નથી કે એની ઈચ્છા નથી ?

**દાદાશ્રી :** ના, શક્તિ નથી. ઈચ્છા તો છે બધી.

**પ્રશ્નકર્તા :** હવે મને એવું લાગે છે કે શક્તિ તો છે જ.

**દાદાશ્રી :** અને શક્તિ બધી હોય છે તો ખરી જ, પણ એ ઉત્પન્ન થયેલી નથી ને !

**પ્રશ્નકર્તા :** તો એ શક્તિ ઉત્પન્ન કેવી રીતે થાય ?

**દાદાશ્રી :** એ તો રાત-દહાડો એના વિચાર હોય, એની પર વિચારણા કર કર કર્યા કરે અને એમાં કેટલું આરાધવા યોગ્ય છે ને કેટલું એ કરવા યોગ્ય છે, તરત આપણને મહીં જેમ જેમ વિચારે ચડે ને, તેમ ખુલ્લું થતું જાય.

**(સૂત્ર - ૧૫)**

**સતત વિચારશીલ હોય તેને જ વૈરાગ ટકે.**

જ્ઞાની પુરુષની આજ્ઞાથી ચારિત્ર લેવાનો વાંધો નથી, પણ જોડે જોડે ચારિત્ર લીધા પછી તે વસ્તુને એટલી બધી વિચારવી જોઈએ કે તે વિચારના અંતમાં પોતાનું જ મન એવું થઈ જાય કે વિષય એ તો બહુ જ ખોટી વસ્તુ છે. આ વિષય તો મહા-મહા મોહને લઈને ઉત્પન્ન થયેલી વસ્તુ છે.

જ્યારે 'જ્ઞાની પુરુષ' પાસે જાવ ત્યારે એ આવરણ કાઢી આપે ને આપણી શક્તિઓ ખીલી ઊઠે. મહીં સુખેય પાર વગરનું પડ્યું છે, છતાં વિષયોમાં સુખ ખોળે છે. અરે, વિષયમાં સુખ હોતું હશે ? આ કૂતરાનેય ખાવા-પીવાનું આપ્યું હોય ને, તો તેય બહાર ના નીકળે. આ તો ભૂખને લીધે બિચારા બહાર ફર્યા કરે છે. આ મનુષ્યો આખો દહાડો ખાઈને ફર્યા કરે છે ! એટલે મનુષ્યોને ભૂખનું દુઃખ મટ્યું છે, ત્યારે આ લોકોને વિષયોની ભૂખ લાગી છે. મનુષ્યમાંથી પશુ થવાનો હોય ત્યાં સુધી જ વિષય છે. પણ મનુષ્ય પરમાત્મા થવાનો હોય તો એને વિષય ના હોય.

એવું છે ને, મનુષ્યોએ વિષયનું તો પૃથક્કરણ કરી જોયું નથી. જો માનવધર્મ તરીકે વિષયનું પૃથક્કરણ કરે, જેમ કે કોઈ વસ્તુનું આપણે પૃથક્કરણ કરીએ ને એમાં શું શું વસ્તુઓ ભળેલી છે એમ જુદું પાડીએ, એવી રીતે વિષયનું જો પૃથક્કરણ કરે તો માણસ વિષય કોઈ દહાડો ફરી કરે નહીં. બે દહાડાથી વધારાનું વાસી ભજિયું ખવાય જ નહીં, છતાંય પણ ત્રણ મહિનાના વાસી ભજિયાં ખાધા હોય તોય એ જીવતો રહેશે, પણ વિષય કરે તો એ જીવતો નહીં રહે. વિષય એ એવી વસ્તુ છે, એનું પૃથક્કરણ કરે તો પોતાને વૈરાગ જ રહ્યા કરે. એટલે આ મોહ છે, બેભાનપણું છે. આ તો અમે વાત કરીએ, બાકી આવી વાત કોઈ કરે નહીં ને ! આવું કહે ત્યારે તો વૈરાગ આવે લોકોને !

**પ્રશ્નકર્તા :** વૈરાગ ટકે એવો કોઈ નિયમ છે ?

**દાદાશ્રી :** વૈરાગ ટકે તો તો કામ જ કાઢી નાખે. વૈરાગ વિચાર વગર ટકે નહીં. સતત વિચારશીલ હોય તેને જ વૈરાગ ટકે. 'હું ભોગવું છું' કહે. અલ્યા, આમાં શું ભોગવવાનું છે ? જાનવરોનેય શરમ આવે આમાં તો ! ભોગવવાથી જ આ બધું ભૂલી જાય છે પછી. કર્તા-ભોક્તા થયો કે બધો ઉપદેશ ભૂલી જાય. કર્તા-ભોક્તા ના થયો તો બધો ઉપદેશ એને ખ્યાલમાં રહ્યા કરે. તો જ વૈરાગ રહે ને, નહીં તો વૈરાગ રહે જ નહીં ને !

વૈરાગમાં તો અનુભવજ્ઞાન જોઈએ, એમ ઠોકાઠોક કર્યે ના ચાલે ! આ જ્ઞાન પ્રાપ્ત થયું એટલે 'આત્મદૃષ્ટિ' થઈ ને, એટલે હવે જાગૃતિ વધશે ને, તેમ તેમ એય આરપાર જોતો થશે. આરપાર જોતો થયો કે એની મેળે જ વૈરાગ આવે. જોયું એટલે વૈરાગ આવે જ છે અને તો જ વીતરાગ થઈ શકાય, નહીં તો વીતરાગ થઈ શકાતું હશે ? અને ખરેખર એક્ઝેક્ટ એમ જ છે.

### (સૂત્ર - ૧૬)

**આ સામાયિક તો શાને માટે છે કે વિષયભાવનું બીજ હજુ સુધી ગયું નથી અને એ બીજમાંથી જ ચાર્જ થાય છે, એ વિષયભાવનું બીજ જવા માટે આ સામાયિક છે.**

આ 'જ્ઞાન' પછી જેને વહેલો ઉકેલ લાવવો હોય તેણે, વિષયના વિચારો જેને ના ગમતા હોય ને તેનાથી છૂટવું હોય તેણે આ સામાયિકથી, શુદ્ધ ઉપયોગથી ઓગાળી શકાય તેમ છે.

**પ્રશ્નકર્તા :** છતાં આને પહોંચી વળાય એવું લાગતું નથી.

**દાદાશ્રી :** એવું કશું જ નથી. એક, રાજીપો અને બીજું, સિન્સિયારિટી, આ બે જ હોય તો બધું જ પ્રાપ્ત થાય એવું છે. બાકી આમાં મહેનત કરવાની કશી હોતી જ નથી.

સામાયિકમાં તો પોતાનો જે દોષ હોય, તેને જ મૂકી દેવાનો ! અહંકાર હોય તો અહંકાર મૂકી દેવાનો, વિષયરસ હોય તો વિષયરસને મૂકી દેવાનો, લોભ-લાલચ હોય તો તેને મૂકી દેવાનું. એ ગાંઠોને સામાયિકમાં મૂકી દીધી અને એ ગાંઠ ઉપર જ્ઞાતા-દૃષ્ટા રહ્યો એટલે એ ઓગળે. બીજા કોઈ રસ્તે આ ગાંઠો ઓગળે એવી નથી. એટલું આ સામાયિક સહેલું, સરળ ને બહુ ઊંચામાં ઊંચી વસ્તુ છે !

વિષયની ગાંઠ મોટી હોય છે, તેથી તેના નિકાલની બહુ જ જરૂર, તે કુદરતી રીતે આપણે અહીં આ સામાયિક ઊભું થઈ ગયું છે ! સામાયિક ગોઠવો, તે સામાયિકથી બધું ઓગળે ! કંઈક કરવું તો પડશે ને ? દાદા છે ત્યાં સુધીમાં બધો રોગ કાઢવો પડશે ને ? એકાદ ગાંઠ જ ભારે હોય, પણ જે રોગ છે તે તો કાઢવો જ પડશે ને ? એ રોગથી જ અનંત અવતાર ભટક્યા છે ને ?

આપણે વિષયો જોઈતા ના હોય, પણ વિષયો છોડે નહીં ને ! આપણે ખાડામાં ના પડવું હોય છતાં પડી જવાયું તો શું કરવું જોઈએ ? તરત જ દાદા પાસે એક કલાક માંગણી કરવી, કે 'દાદા, મને બ્રહ્મચર્યની શક્તિ આપો.' એટલે શક્તિ મળી જાય ને પ્રતિક્રમણ પણ થઈ જાય. પછી એની 'વરીઝ' (ચિંતા) મગજમાં નહીં રાખી મૂકવાની. ખાડામાં પડ્યો કે તરત જ સામાયિક કરી ધોઈ નાખવાનું. સામાયિક એટલે હાથ-પગ ધોઈને, કપડાં ધોઈ-સૂકવીને, ઘડી કરીને ચોખ્ખા થઈ જવું. તરત સામાયિક ના થાય તો બે-ચાર કલાક પછી પણ કરી લેવું, પણ લક્ષમાં રાખવાનું કે સામાયિક કરવાનું રહ્યું છે.

### (સૂત્ર - ૧૭)

**નીડરતા એટલે શું કે મને કંઈ વાંધો નથી હવે.**

કેટલાક મનમાં એમ ગૂંચાય કે મેં આટલા બધા વિષયો ભોગવ્યા છે, મારું શું થશે ? ત્યારે એ આ મનમાંથી કાઢી નાખે એટલા માટે મારે બોલવું પડે છે કે વિષયો આત્માને અડતા જ નથી. બેઉ બાજુનું બોલવું પડે ને ! બાકી અમે વિષય સંબંધી વાત જ કોઈને ના કરીએ, એક અક્ષરેય ના કહીએ.

'આત્માનું ક્રિયાવાદપણું અજ્ઞાનતાને લઈને છે.' ત્યારે લોકો કહે છે કે 'આત્માએ આ કર્યું, આત્માએ તે કર્યું.' પણ આત્મા અત્યંત સૂક્ષ્મતમ વસ્તુ છે, વિષયો એકદમ સ્થૂળ છે. આંખે દેખાય એવા વિષયો છે, સ્પર્શથી અનુભવમાં આવે એવા

વિષયો છે. હવે વિષયો એ એકદમ સ્થૂળ છે. નાના છોકરાય સમજી જાય કે આ વિષયમાં મને આનંદ આવ્યો. તે અલ્યા, સ્થૂળને ને સૂક્ષ્મતમને મેળ શી રીતે પડે ? એ બેને કોઈ દહાડોય મેળ પડે જ નહીં અને મેળ પડ્યો જ નથી. વિષયનો સ્વભાવ જુદો, આત્માનો સ્વભાવ જુદો. આત્માએ પાંચ ઈન્દ્રિયોના વિષયો કશા કોઈ દહાડોય ભોગવ્યા જ નથી. ત્યારે લોકો કહે છે કે મારા આત્માએ વિષય ભોગવ્યો ! અલ્યા, આત્મા તે ભોગવતો હશે ? તેથી કૃષ્ણ ભગવાને કહ્યું, કે 'વિષયો વિષયોમાં વર્તે છે !' એમ કહ્યું તોય લોકોને સમજણ પડી નહીં. અને આ તો કહે છે, 'હું જ ભોગવું છું.' નહીં તો લોક તો કહેશે કે 'વિષયો વિષયમાં વર્તે છે. આત્મા તો સૂક્ષ્મ છે, માટે ભોગવો.' એવો તેનોય દુરુપયોગ કરી નાખે. આ શબ્દનો દુરુપયોગ કરે તો તો મારી જ નાખે. એટલે આ લોકોએ વાડો કરેલી કે કોઈ દુરુપયોગ ના કરે.

**પ્રશ્નકર્તા :** હવે આ વાત દુરુપયોગ થઈ જાય ને ! જાણે લાઈસન્સ મળી ગયું એમ દુરુપયોગ કરી નાખે.

**દાદાશ્રી :** એવું છે ને, આ વાત તો કેવી છે ? સોનાની કટાર હોય છે ને, તે કેવી રીતે વાપરવી એનો એક નિયમ હોય છે. હવે એનો કોઈ દુરુપયોગ કરે ને પેટમાં મારે તો તેને આપણે કેમ કરીને ના કહેવાય ? કારણ જે સવળું કામ કરે, તે અવળુંય કામ કરે. પણ હું તો સાયન્સ કહું છું, જે વિજ્ઞાન છે તે કહું છું કે આત્માએ ક્યારેય પણ વિષય ભોગવ્યો નથી. ખાલી ઈગોઈઝમ (અહંકાર) જ છે કે 'મેં આ કર્યું.' એ કર્તાભાવ હું છોડાવી દઉં છું કે 'ભઈ, તું કર્તા નથી. આ તો 'વ્યવસ્થિત' કર્તા છે.' આ તો તમે આરોપણ કર્યું છે કે 'મેં કર્યું' અને તે ઈગોઈઝમ તરીકે તમને ફળ મળે છે.

**પ્રશ્નકર્તા :** આરોપણ કરે એટલે જ આવરણ આવે છે ને ? આરોપણનો ભાવ એ જ આવરણ ?

**દાદાશ્રી :** બીજું કયું આવરણ ? એ જ આવરણ અને એ જ આવતા ભવનું બીજ ! જો આરોપણ નથી, તો આવતા ભવનું બીજ જ નથી, તો તમે મુક્ત જ છો. પણ 'એણે' જે બિલીફ (માન્યતા)માં માનેલું છે કે 'હું બંધાયેલો છું' એટલે બંધનપણું લાગે છે. એ બંધનવાળી બિલીફ ફ્રેક્ચર થઈ જાય ને 'મુક્ત કેવી રીતે છું' એ ભાન થઈ જાય, તો તમે મુક્ત જ છો !

એટલે આ પહેલી વખત અમે પુસ્તકમાં લખ્યું છે કે વિષયો વિષ નથી, પણ વિષયોમાં નીડરતા એ વિષ છે. નીડરતા એટલે શું કે કેટલાક માણસો કહે કે 'દાદાએ મને જ્ઞાન આપ્યું છે, તો હવે મને કોઈ વિષય નડે નહીં. મારે તો ભોગવવાનો વાંધો જ નહીં ને !' તો ખલાસ થઈ ગયો ! માટે વાતને સમજો.

આટલા બધા અવતાર થયા, પણ એકુંય વિષય આત્માએ ભોગવ્યો જ નથી. જે આત્મા આપીએ છીએ તે નિર્લેપ ને અસંગ જ આપીએ છીએ. કોઈ કહે કે સ્ત્રીઓ સાથે શી રીતે આત્મા અસંગ રહી શકે ? ત્યારે અમે કહીએ છીએ કે આત્મા સૂક્ષ્મ છે બિલકુલ ! અને આ વિષયો જે છે તે સ્થૂળ સ્વભાવના છે ! બન્નેને કોઈ દહાડોય મેળ પડ્યો જ નથી. આ વાત જ્ઞાની પુરુષ જાણે અને તીર્થંકરો પણ જાણે. પણ તીર્થંકરો એનો ફોડ પાડે નહીં. કારણ કે તીર્થંકરો જો ફોડ પાડે તો લોક એનો દુરુપયોગ કરે. તીર્થંકરો ફોડ ના પાડે. અમે ફોડ પાડીએ, એ પણ ગુપ્ત રીતે, આટલા અમુક જ માણસો માટે, નહીં તો પછી એનો દુરુપયોગ ચાલે કે આત્મા તો સૂક્ષ્મ સ્વભાવનો છે ને વિષયને અને આત્માને કશું લેવાદેવા જ નથી, માટે હવે તો કશો વાંધો નથી. ને 'વાંધો નથી' કહ્યું એટલે ભૂત પેઠું !

કર્મોના દબાણથી આ ક્રિયા થયા કરે છે. તેમાં આ સ્થૂળ ક્રિયા છે, તમે સૂક્ષ્મ છો. પણ આ જ્ઞાન તમારા મનમાં રહે કે આત્માને તો કશું અડતું જ નથી, માટે વાંધો નથી. તો એ ઊંધું કરી

નાખે. એટલે અમે આવું બહાર જ ના પાડીએ કે આત્મા સૂક્ષ્મ સ્વભાવી છે. અમે તો એમ કહીએ કે વિષયોથી ડરો. વિષયો એ વિષ નથી પણ વિષયમાં નીડરતા એ વિષ છે. નીડરતા એટલે શું કે મને કંઈ વાંધો નથી હવે. પણ સંપૂર્ણ જ્ઞાની થયા પછી અને સંપૂર્ણ અનુભવજ્ઞાન થાય ત્યાર પછી જ આત્માને કશું અડતું નથી, એવું કહી શકે. આ બીજું બધું તો અમે તમને ફોડ પાડવા સમજણ પાડીએ.

## (સૂત્ર - ૧૮)

**સ્વચ્છંદ એ મોટામાં મોટો રોગ કહેવાય કે 'હવે મને કંઈ જ વાંધા જેવું નથી' એ જ વિષ છે.**

**પ્રશ્નકર્તા :** નીડરતા આવે એટલે પછી સ્વચ્છંદીપણું આવી જાય ને ?

**દાદાશ્રી :** સ્વચ્છંદીપણું આવે તે ઘડીએ જ માર ખવડાવી દે. એટલા માટે અમે આ બહાર ના પાડીએ. નહીં તો આ જવાનિયા છોકરાઓમાં ઊંધું થઈ જાય. આ તો તમારા જેવા કિનારે આવેલા હોય તેમને આ વાત કરીએ. જવાનિયા તો પાછું કંઈક ઊંધું બાફે ! પણ તેઓ જો 'યથાર્થ જ્ઞાન' સમજે અને એ જ્ઞાનમાં એ રહેતો હોય તો કશું અડે એવું નથી, પણ એ જ્ઞાન એટલું બધું રહે નહીં ને ! માણસનું એવું ગજું નહીં ને ! અનુભવ થયા સિવાય કામ નહીં. જ્યાં સુધી અનુભવ ના થાય ત્યાં સુધી આજ્ઞામાં રહેજો.

આ તો કોઈને મનમાં એમ શંકા પડતી હોય, કે 'સંસારમાં રહીએ છીએ ને વિષયો તો છે, તો કેમનું છે આ ?' તો અમે તમને શંકા ના રહે એટલા માટે વાત કરીએ, નહીં તો આપણા લોકો તો દુરુપયોગ કરે. આજના લોકોને તો આ ગમતું જ હોય એટલે દુરુપયોગ કરી નાખે. કારણ કે વિપરીત બુદ્ધિ મહીં તૈયાર જ હોય. છતાં આ જ્ઞાન આપ્યું છે, એ ઓર જ જાતનું વિજ્ઞાન છે ! બધી રીતે એ રક્ષણ કરે એવું છે, પણ જો એ જાણી-જોઈને બગડવા ધારે તો બગડી જાય, બધું ખલાસ કરી નાખે ! એટલે અમે કહ્યું છે કે આ અમારી આજ્ઞામાં રહો. અમે તમને એટલે બધે ઊંચે તેડી ગયા છીએ કે અહીંથી ઉપરથી જો તમે ગબડ્યા તો પછી હાડકુંય જડે એવું નથી. માટે સીધા ચાલજો ને સહેજ પણ સ્વચ્છંદ કરશો નહીં. સ્વચ્છંદ તો આમાં ચાલશે જ નહીં.

હંમેશાં અમારી આપેલી આજ્ઞામાં જ રહેવું સારું. પોતાના લેવલ ઉપર લીધું, તે સ્વચ્છંદ ઉપર લઈ જાય છે. આ સ્વચ્છંદે જ લોકોને પાડી નાખેલા ને ! તેથી જ આ અમે આજ્ઞા આપીએ છીએ ને !

## (સૂત્ર - ૧૯)

**વિષયોમાં નીડરતા એટલે તો બેફામપણું કહેવાય.**

**પ્રશ્નકર્તા :** આમાં એક વસ્તુ તો સીધી છે કે આપે તો કહ્યું કે ભગવાનને તો આ સાચું છે ને આ ખોટું છે એ હોતું જ નથી. એટલે શું સારું, શું ખોટું એ પ્રશ્ન જ પછી ઊભો થતો નથી, એ પ્રશ્ન તો ગૌણ થઈ જાય છે ને ?

**દાદાશ્રી :** ના, પણ એ ભગવાનની દૃષ્ટિમાં છે અને આપણે ભગવાન થયા નથી ત્યાં સુધી આપણે ગુનેગાર છીએ. માટે ખોટું થયું તો ખેદ થવો જોઈએ. આ હું જે બોલું છું એ શબ્દો દુરુપયોગ કરવા માટે નથી બોલતો. તમને બોધરેશન (બોજો) ના રહે એટલા માટે બોલું છું. કોઈના મનમાં એમ ના થાય કે મને કર્મ બંધાતું હશે ! એટલા માટે છૂટથી બોલું છું. નહીં તો ચાળી-ચાળીને ના બોલું કે 'ભઈ, કર્મ તો બંધાશે, જો કદી તમે આ કરો છો તો ?' પણ હું તમને નિર્ભય બનાવી દઉં છું. નિર્ભય નથી બનાવતો ?

આપણા 'જ્ઞાન'થી બે-ચાર અવતારમાં વહેલો-મોડો પણ મોક્ષે જાય, પંદર અવતાર

સુધીમાંય મોક્ષે જાય. તેનો વાંધો નથી, પણ આમાંથી જે લટકે તે તો એંસી હજાર વર્ષ સુધી લટકે અને તોય ઠેકાણું ના પડે ! એંસી હજાર વર્ષ સુધી બહુ બળતરાવાળો કાળ આવવાનો છે. એટલે આમાંથી લટકે નહીં એવું આપણે જોવાનું.

**પ્રશ્નકર્તા :** દાદા, શેમાંથી લટકે નહીં ? આમાંથી એટલે શેમાંથી ?

**દાદાશ્રી :** આ 'જ્ઞાન'માંથી. આ 'જ્ઞાન' લીધા પછી જાણીજોઈને ઊંધું કરે, ત્યાર પછી શું થાય ?

**પ્રશ્નકર્તા :** 'જ્ઞાન' લીધા પછી માણસ ઊંધું કરે ખરો ?

**દાદાશ્રી :** હા, કરી શકે ને ! તમારા ઘર આગળ ઝાડવાં રોપ્યા હોય, બગીચો જાતે તમે બનાવ્યો હોય, અને તમારે ખોદી નાખવો હોય તો કોઈ ના કહે ?

**પ્રશ્નકર્તા :** પણ દાદા, જ્ઞાન લીધા પછી એને એવું કરવાનો વિચાર આવે ?

**દાદાશ્રી :** કો'ક કો'ક હોય એવા, બધા ના હોય. તેને આપણે ચેતવીએ તો એ કંઈક પાછો ફરે ! આ બેફામ પડવા જેવી ચીજ ન હોય ! આ બેફામ તો મારી નાખે !

ભય રાખવા જેવો હોય તો, આ વિષયનો ભય રાખવા જેવો છે. માટે વિષયથી ચેતો. આ સાપ, વીંછી, વાઘથી નથી ચેતતા ? ચેતતા રહીએ છીએ ને ? જેમ વાઘની વાત આવે ત્યારે એ ભય આપણે ના રાખવો હોય, તોય એનો ભય લાગે છે ને ? તેમ વિષયની વાત આવે ને, ભય લાગવો જોઈએ. ભય હોય ત્યાં ખાવાનું મોજથી જમે ? ના. એટલે ભય હોય ત્યાં મોજ ના હોય. જગત આ વિષયો ભયથી ભોગવતા હશે ? ના. આ તો લોકો મોજથી ભોગવે છે. ભય હોય ત્યાં ભોગવટો જ ના હોય.

વિષયનો તો જ્ઞાની પુરુષને સ્વપ્નેય વિચાર ના આવે. એ તો પાશવી વિદ્યા છે. મનુષ્યમાં ખુલ્લી પાશવતા કહેવામાં આવે તો આટલી જ છે. મનુષ્યપણું તો મોક્ષને માટે જ હોવું જોઈએ.

અનંત અવતારની કમાણી કરે ત્યારે ઊંચું ગોત્ર, ઊંચા કુળમાં જન્મ થાય. પણ પછી લક્ષ્મી ને વિષયની પાછળ અનંત અવતારની કમાણી ખોઈ નાખે !

વિષયોથી ભગવાન પણ ડર્યા છે. વીતરાગો કોઈ વસ્તુથી ડર્યા નહોતા, પણ એક વિષયથી એ ડરેલા. ડર્યા એટલે શું કે જેમ સાપ આવે છે, તે દરેક માણસ પગ ઊંચો લઈ લે કે ના લઈ લે !

**પ્રશ્નકર્તા :** લઈ લે.

**દાદાશ્રી :** એમાં પોતાનું હિત નથી એવું જાણે છે, તેથી લઈ લે છે ને ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** એવું વીતરાગો એટલું સમજ્યા કે આમાં હિત નથી, આ તાત્કાલિક ઈફેક્ટિવ (અસરકારક) છે, માટે અહીં આગળ આ દારૂખાનાથી બહુ છેટા રહેવા જેવું છે. આટલો તો ડર રાખવો જોઈએ ને ? વિષયોમાં નીડર થવાય જ નહીં. ભગવાન મહાવીર પણ વિષયોથી ડરતા અને અમે પણ ડરીએ છીએ. વિષયોમાં નીડરતા એટલે તો બેફામપણું કહેવાય. આમ વિષયોમાં બેફામ ના થઈ જવું જોઈએ. પોલીસવાળો પકડીને કરાવે, એના જેવું હોવું જોઈએ. આ અહીં વિષયોનું સાયન્સ સમજી લેવાનું છે. આ પ્રત્યક્ષ ઝેર છે એવું જ્ઞાન હાજર રહેવું જોઈએ.

## (સૂત્ર - ૨૦)

**'વિષય એ વિષ નથી, પણ વિષયમાં નીડરતા એ જ વિષ છે. માટે વિષયોથી ડરો.'**

'વિષયો વિષ નથી' એવું એકલું કહેવામાં

આવે, તો કેટલાય ત્યાગીઓ જોડે મતભેદ પડી જાય કે તમે આવું કહો છો ? ના, હું વિષયને વિષ કહેવા માગતો જ નથી. હું વિષયમાં નીડરતાને વિષ કહું છું. તમે વિષયોને વિષ કહો છો, એ હું કબૂલ કરતો નથી. જે ના પૈણેલો હોય અને એ જો બ્રહ્મચારી તરીકે રહેવા માગતો હોય તો હું બહુ ખુશ છું. પૈણેલો હોય તેને શું એમ કહેવું કે બાયડી છોડીને નાસી જા તું ? છતાં બાયડી છોડીને નાસી ગયો હોય અને એનો મોક્ષ થાય એવું ક્યારેય પણ બને ? એવું કોઈના માન્યામાં આવે છે ? ત્યારે પૈણ્યો'તો શું કરવા ? શરમ નથી આવતી ? કોઈને દગો દેવાય નહીં. આ દુનિયામાં કોઈ જીવને કિંચિત્‌માત્ર દુઃખ આપ્યું હશે તો પણ મોક્ષ નહીં થાય. એટલે અમે આ સરળ રસ્તો ખોળી કાઢ્યો. નહીં તો આ બધા પૈણેલાઓ કહે છે કે અમે મોક્ષે જવાના; તે શાથી એમ કહે છે ? પોતાને એમ લાગ્યું કે અમે મોક્ષમાં જવાને માટે આમ જઈ રહ્યા છીએ. કેટલા માઈલ ઉપર હતા ને હવે સેન્ટ્રલ ક્યાં સુધી આવ્યું એવું તમને લાગે છે ?

**પ્રશ્નકર્તા :** નજદીક છે.

**દાદાશ્રી :** સ્ત્રી-છોકરાં સાથે છે, છોકરાં ભણાવે છે, બધું કરે છે. સ્ત્રી મોક્ષને વાંધો કરતી નથી. તમારા વાંકે મોક્ષ અટકે છે. વાંક તમારો છે, સ્ત્રીનો વાંક નથી. સ્ત્રી નડતી નથી, તમારી અજ્ઞાનતા નડે છે. જો વિષયો વિષ હોત તો ભગવાન મહાવીર તીર્થંકર જ ના થાત. ભગવાન મહાવીરનેય દીકરી હતી. એટલે વિષયોમાં નીડરતા એ વિષ છે. હવે મને કંઈ નડવાનું નથી, એવું થયું એ વિષ છે.

**પ્રશ્નકર્તા :** નીડરતા એ બેદરકારી કહેવાય ને ?

**દાદાશ્રી :** નીડરતા શબ્દ એટલા માટે મેં આપેલો છે કે વિષયમાં ડરે, નાછૂટકે વિષયમાં પડે. એટલે વિષયોથી ડરો, એમ કહીએ છીએ. કારણ કે ભગવાન હઉ ડરતા હતા, મોટા મોટા જ્ઞાનીઓય ડર્યા હતા, તો તમે એવા કેવા છો કે વિષયથી ડરો નહીં ? હવે મને કંઈ નડવાનું નથી, એ વિષ છે. માટે વિષયથી ડરો. વિષય ભોગવો ખરા પણ વિષયથી ડરો. જેમ સુંદર રસોઈ આવી હોય, રસ-રોટલી ને એ બધું ભોગવો ખરા પણ ડરીને ભોગવો. ડરીને શા માટે કે વધુ ખાશો તો ઉપાધિ થઈ પડશે, એટલા માટે ડરો.

એક બાવો ખોળી લાવો કે જેને આજ પૈણાવીએ આપણે અને મહિનો જો ઘર માંડે તો સાચું ! આ તો ત્રીજો જ દા'ડે નાસી જાય, હંકે ! આ ફલાણું લઈ આવો, ફલાણું લઈ આવો કહ્યું કે ભાગી જાય. અને આ લોકોને હેરાન કરે 'હવે તમારું શું થશે' કહેશે, એટલે મારે આ ભારે શબ્દો લખવા પડ્યા, કે 'વિષયો વિષ નથી, જાવ ભડકશો નહીં.' હું તમારો ભડકાટ કાઢવા માટે આવ્યો છું. સહજ ભાવે વિષયો ભોગવો ને ! સહજ હોવું જોઈએ. સહજ ભાવે જો વિષયો ભોગવે તો વિષયો વિષયોને જ ભોગવે છે. આ તો સહજ ભાવે ભોગવતા આવડતું નથી ને !

**પ્રશ્નકર્તા :** એટલે વિષયોમાં જે ખૂંપે છે, એમાં એની કંઈ હિંમત નથી કામ કરતી, એ તો એની આસક્તિ કરાવે છે.

**દાદાશ્રી :** ના, આપણને તેનોય વાંધો નથી. વાંધો નીડરતાનો છે. એટલે કે 'હવે મને કંઈ નડવાનું નથી. હું ગમે તેમ વિષયો ભોગવું તો મને કશું થાય નહીં.' એવું બેફામપણું થાય, તે બેફામપણાને આપણે નીડરતા કહીએ છીએ. આ લોકોએ વિષયોને 'એકાંતિક વિષ' કહ્યું છે. એટલે સંસારીઓ 'ડિસ્કરેજ' (નાહિંમત) થઈ ગયા. એટલે પછી આ સંસારીઓને વિષ જ પીધા કરવાનું ને ? આ ત્યાગીઓ એકલાને જ વિષ નહીં પીવાનું ? આ સ્ત્રી-વિષય એકલો જ વિષય નથી. ત્યાગીઓનાય બધા વિષયો હોય છે અને

આ સંસારીઓનેય બધા વિષયો હોય છે. પણ આ શાસ્ત્રોમાં એકલા સ્ત્રી વિષયને માટે આવું બધું ઝેર સમાન કહ્યું છે. પણ એથી લોકોને ગભરાવી માર્યા છે કે આપણે તો સંસારી માણસ, વિષયો વિષ જેવા છે, તોય કરવા તો પડે છે ને ! એટલે એ પછી એમને ખૂંચ્યા કરે. એ ગૂંચ કાઢી નાખવા જેવી છે ને ખૂંચ્યા કરે એ દુઃખ કહેવાય.

**પ્રશ્નકર્તા :** વિષયોમાં નીડરતા એ વિષ છે. તો નીડરતા ઉત્પન્ન થાય છે, એ શામાં આવે ?

**દાદાશ્રી :** પોતે નીડરતા રાખે તો રહે. એ અહંકારમાં આવે કે 'હું વિષયમાં જીતી ગયો, હવે વાંધો નથી આવે એવો.' એનું નામ નીડરતા. એ અહંકાર કહેવાય. જો નીડર રહ્યો તો એ વિષ થઈ ગયું. આ વિષયમાં નીડર તો ઠેઠ સુધી નથી થવાનું. પોલીસવાળાના પકડ્યા વગર કોઈ જેલમાં ના જાય ને ? પોલીસ પકડીને જેલમાં લઈ જાય તો જ જાવ ને ? પોલીસવાળાના લઈ ગયા વગર જેલમાં જાય તો ના સમજીએ કે એ નીડર થઈ ગયો છે ? પોલીસવાળો પકડીને જેલમાં લઈ જાય તો એનો ગુનો નથી, એવું આ વિષયમાં સંજોગો એને ખાડામાં પાડે તો એનો વાંધો નથી. અબ્રહ્મચર્યની ગાંઠ ઓગળે તો તો બધું જાય. આ સંસાર બધો એના ઉપર જ ઊભો રહ્યો છે. રૂટ કૉઝ (મૂળ કારણ) જ આ છે. આ લોકોના દુઃખ કાઢવા માટે, લોકોના મનમાંથી ભાર નીકળી જાય એટલા માટે આ જ્ઞાની પુરુષ એમ કહે છે કે વિષયો એ વિષ નથી. તે તમને થાય કે ચાલો, આટલી તો નિરાંત થઈ !

વિષયમાં કપટ કરવું, બીજું બધું કરવું એ બધું વિષ કહેવાય. એ જ મારી નાખે અને એવું થતું હોય તો નર્યો ખેદ, ખેદ ને ખેદ હોવો જોઈએ. નિરંતર ખેદ વગર ગમે નહીં, તો જાણવું કે આ રોગ જતો રહેશે. નહીં તો ઉખાડી નાખવાની સત્તા તો પોતાની ખરી ને ! બિલકુલ સત્તા વગરનો થાય છે એવું બનતું નથી. સત્તા તો ઠેઠ 'કેવળજ્ઞાન' થતા સુધી એને સત્તા રહે છે. પછી ઊંધું કરવાની કે સીધું કરવાની, પણ સત્તા તો રહે છે !

વિષયની બાબતમાં જગતમાં ભારે અણસમજ ચાલે છે. શાસ્ત્રો કહે છે કે વિષય એ વિષ છે. કેટલાક લોક પણ કહે છે કે વિષય એ વિષ છે અને તે મોક્ષે ના જવા દે. અમે એકલા જ કહીએ છીએ કે 'વિષય એ વિષ નથી, પણ વિષયમાં નીડરતા એ જ વિષ છે. માટે વિષયોથી ડરો.' નીડર ક્યારે રહે કે બે-ત્રણ સાપ આવતા હોય, તે વખતે તમારો પગ નીચે હોય અને તમને ડર ના લાગતો હોય તો પગ નીચે રાખો પણ ડર લાગતો હોય તો પગ ઉપર લઈ લેવો. પણ જો તમને ડર ના લાગતો હોય અને પગ ઊંચા જ ના લો તો, પૂર્ણ જ્ઞાની - કેવળ જ્ઞાનીની નિશાની છે. પણ પૂર્ણ નથી થયા ત્યાં સુધી તમે જાતે જ ડરીને પગ ઊંચા લઈ લો છો. માટે તમને વિષયોમાં નીડર રહેવા આ થર્મોમિટર આપીએ છીએ. જો સાપ સમક્ષ તું નીડર રહી શકતો હોય તો વિષયોમાં નીડર રહેજે. અને ત્યાં જો ડર લાગતો હોય, પગ ઊંચા કરી લેતો હોય તો વિષયોથી પણ ડરતો રહેજે.

**- જય સચ્ચિદાનંદ**

---

## અડાલજ જ્ઞાનમંદિર (ગુરુકૂળ)માં ધોરણ ૫-૬-૭-૮-૯માં પ્રવેશ મેળવવા માટે

જ્ઞાનમંદિરમાં રહીને પરમ પૂજ્ય દાદા ભગવાનના જ્ઞાન થકી પોતાના દીકરાઓમાં સંસ્કાર-સિંચન થાય તેવું ઈચ્છતા માતા-પિતાઓએ પોતાના દીકરાના ઈન્ટરવ્યુ માટે જ્ઞાનમંદિર, સીમંધર સીટી (અડાલજ)માં ફોનથી રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. રજિસ્ટ્રેશન ફક્ત ધોરણ ૫-૬-૭-૮ અને ૯ ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ (છોકરાઓ) માટે જ થશે. વધુ માહિતી માટે નીચે જણાવેલ ફોન નંબર પર સંપર્ક કરવો.

**સમય :** સવારે ૧૦ થી ૭ દરમ્યાન. **ફોન :** ૯૯૨૪૩૪૪૪૮૧.

## આત્મજ્ઞાની પૂજ્યશ્રી દીપકભાઈના આગામી સત્સંગ કાર્યક્રમો

### રાજકોટ

**૧૦-૧૧ જાન્યુ.** (શુક્ર-શનિ) સાંજે ૭ થી ૧૦ - **સત્સંગ** તથા **૧૨ જાન્યુ.** (રવિ) સાંજે ૫ થી ૮-૩૦ - **જ્ઞાનવિધિ**
**સ્થળ :** પારીજાત પાર્ટી પ્લોટ, શીતલ પાર્ક ચોક, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ. **સંપર્ક :** 9909977440

### અડાલજ

**૧ ફેબ્રુઆરી** (શનિ) સાંજે ૫ થી ૭ - **સત્સંગ** તથા **૨ ફેબ્રુઆરી** (રવિ) સાંજે ૪ થી ૭-૩૦ - **જ્ઞાનવિધિ**
**૧૯ માર્ચ** (બુધ) - **પૂજ્ય નીરુમાની ૧૯મી પુણ્યતિથિ પર વિશેષ કાર્યક્રમ**

### પટના

**૭-૮ ફેબ્રુઆરી** (શુક્ર-શનિ) સાંજે ૫ થી ૮ - **સત્સંગ** તથા **૯ ફેબ્રુઆરી** (રવિ) સાંજે ૩-૩૦ થી ૭ - **જ્ઞાનવિધિ**
**સ્થળ :** શ્રી કૃષ્ણ મેમોરિયલ હોલ, કારગીલ ચોક, ગાંધી મેદાન રોડ, પટના. **સંપર્ક :** 7352723132

# પુણે (મહારાષ્ટ્ર)માં...

## પરમ પૂજ્ય દાદા ભગવાન પ્રેરિત
## નિષ્પક્ષપાતી ત્રિમંદિરનો ભવ્ય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

### તા. ૧૨ ફેબ્રુઆરી થી ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૫

**૧૨ ફેબ્રુઆરી** (બુધ) સાંજે ૪-૩૦ થી ૭ - **સત્સંગ**
**૧૩ ફેબ્રુઆરી** (ગુરુ) સવારે ૧૦ થી ૧૨-૩૦ - **સત્સંગ**
સાંજે ૫ થી ૭-૩૦ - **સત્સંગ**
**૧૪ ફેબ્રુઆરી** (શુક્ર) સવારે ૧૦ થી ૧૨-૪૫ - શ્રી શિવ મંદિરમાં સ્થાપિત બધા ભગવંતોની પ્રાણપ્રતિષ્ઠા
સાંજે ૫ થી ૭-૩૦ - **સત્સંગ**
**૧૫ ફેબ્રુઆરી** (શનિ) સવારે ૧૦ થી ૧૨-૪૫ - શ્રી કૃષ્ણ મંદિરમાં સ્થાપિત બધા ભગવંતોની પ્રાણપ્રતિષ્ઠા
સાંજે ૪ થી ૭-૩૦ - **જ્ઞાનવિધિ**
**૧૬ ફેબ્રુઆરી** (રવિ) સવારે ૯-૩૦ થી ૧૨-૪૫ - શ્રી સીમંધર સ્વામી મંદિરમાં સ્થાપિત બધા ભગવંતોની પ્રાણપ્રતિષ્ઠા
**સૂચના :** આ પાંચ દિવસના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં (ટેન્ટમાં) રહેવાની સગવડ તથા ભોજનની સુવિધા વિના મૂલ્યે રહેશે, શિબિરમાં ભાગ લેવા માટે **'Akonnect'** મોબાઈલ એપ પર રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે, વધુ વિગત માટે આપના સેન્ટર પર અથવા અડાલજના રજિસ્ટ્રેશન નંબર 9924348880 પર સંપર્ક કરવો.

**સ્થળ : ત્રિમંદિર**, પુણે-બેંગલોર હાઈવે રોડ, ખેડ શિવાપુરની નજીક, વરવે બીકે, **પુણે** (મહારાષ્ટ્ર).

**સંપર્ક** : 7218473468, 9425643302

---

**ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ :** 9328661166-77; **રાજકોટ :** 9924343478; **ભુજ :** 9924345588; **ગોધરા :** 9723707738; **મોરબી :** 9924341188; **સુરેન્દ્રનગર :** 9737048322; **અમરેલી :** 9924344460; **વડોદરા :** 9574001557; **અંજાર :** 9924346622; **જામનગર :** 9924343687; **જૂનાગઢ :** 9924344489; **મુંબઈ :** 9323528901; **ભાવનગર :** 9313882288; **અમદાવાદ (દાદા દર્શન) :** 9574001445; **વડોદરા (દાદા મંદિર) :** 9924343335
**U.S.A. Canada:** +1 877-505-3232; **U.K.:** +44 330-111-3232; **Australia :** +61 402179706


## અડાલજ : પૂજ્ય નીરુમાના ૮૧મા જન્મદિવસની ઉજવણી : તા. ૨ ડિસેમ્બર ૨૦૨૪









## અમદાવાદ : સત્સંગ - જ્ઞાનવિધિ : તા. ૬ થી ૮ ડિસેમ્બર ૨૦૨૪






## સુરેન્દ્રનગર : સત્સંગ - જ્ઞાનવિધિ : તા. ૧૦ થી ૧૨ ડિસેમ્બર ૨૦૨૪



## ગાંધીધામ : સત્સંગ - જ્ઞાનવિધિ : તા. ૧૪ થી ૧૬ ડિસેમ્બર ૨૦૨૪




જાન્યુઆરી ૨૦૨૫
વર્ષ-૩૦, અંક-૫
સળંગ અંક-૩૫૩

# દાદાવાણી

Date Of Publication 1st of Every Month
RNI No. 67543/95
Reg. no. G-GNR-347 valid up to 31-12-2026
Licensed to Post Without Pre-payment
No. PMG/NG/037/2024-2026
Valid up to 31-12-2026
Posted at Gandhinagar SRO
on 1st of every month.

## હવે મને કંઈ નડવાનું નથી એ જ વિષ !

વિષયો એ વિષ નથી, વિષયોમાં નીડરતા એ વિષ છે. નીડરતા શબ્દ એટલા માટે મેં આપેલો છે કે વિષયમાં ડરે, નાછૂટકે વિષયમાં પડે. એટલે વિષયોથી ડરો, એમ કહીએ છીએ. કારણ કે ભગવાન હઉ ડરતા હતા, મોટા મોટા જ્ઞાનીઓય ડર્યા હતા, તો તમે એવાં કેવાં છો કે વિષયથી ડરો નહીં ? મને કંઈ હવે નડવાનું નથી, એવું થયું વિષ છે. માટે વિષયથી ડરો. વિષય ભોગવો ખરાં પણ વિષયથી ડરો. જેમ સુંદર રસોઈ આવી હોય, રસ-રોટલી ને એ બધું ભોગવો ખરાં પણ ડરીને ભોગવો. ડરીને શા માટે કે વધુ ખાશો તો ઉપાધિ થઈ પડશે, એટલાં માટે ડરો.

**- દાદાશ્રી**

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા મલ્ટીપ્રિન્ટ, એચ બી કાપડીયા ન્યુ સ્કૂલની સામે છત્રાલ-પ્રતાપપુરા રોડ, મુ. છત્રાલ, તા. કલોલ, જિ. ગાંધીનગર - ૩૮૨૭૨૯ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.